www.OmShreeMadhavanandji.org

॥ ૐ તત્સત્પરમાત્મને નમોનમઃ ॥


અષ્ટોત્તરશત (૧૦૮) શ્રુતિ ભગવતીએ ઉચ્ચારીતા

# શ્રીઇશ્વરસ્વરૂપવર્ણનમાળા

(ગુજરાતી ભાષાન્તર સહિતા)

તથા

# ઉપદેશપંચરત્નમ્



-ઃ સંગ્રથિતા ઃ-

શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાટ્

## સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજ

www.OmShreeMadhavanandji.org

ૐ

**સ્વામી શ્રી હરિહરાનન્દ સાગરજી મહારાજના**
**શ્રી માધવાનન્દ આશ્રમ, સુરત ચાતૂર્માસ પ્રસંગે**
**ધર્માર્થ વિતરીત, સંવત્ ૨૦૬૭.**

**-: સૌજન્ય :-**

પ.ભ.શ્રીમતિ જયા(શકુ)બહેન અંબાલાલ (બીન)ફુલાભાઈ પટેલ,
અમેરીકા (કંથારીયા)

પ.ભ.શ્રીમતિ શારદાબહેન લાભુભાઈ સુતરીયા, મુંબઈ (પાલડી)
(દ્વારા પ.ભ.શ્રી લાભુભાઈ કેશવભાઈ સુતરીયા, મુંબઈ (પાલડી)

પ.ભ.સ્વ.શ્રી ગણેશભાઈ મોનાભાઈ (હરજીભાઈ) બોઘરાના સ્મરણાર્થે
(દ્વારા પ.ભ.શ્રી ઘનશ્યામભાઈ ગણેશભાઈ બોઘરા, સુરત (પીપરીયા)

---

દ્વિતીય આવૃત્તિ　　　　પ્રત : ૧૦,૦૦૦

અમુલ્ય

---

**-: પ્રાપ્તિસ્થાન :-**

**શ્રી માધવાનન્દ આશ્રમ**
દક્ષેશ્વર રોડ, જગજીતપૂર, કનખલ, હરદ્વાર, ઉત્તરાખંડ - ૨૪૯૪૦૮
ફોન : ૦૧૩૩૪-૨૪૬૬૭૫

**શ્રી માધવાનન્દ આશ્રમ**
મુ. પો. ચાણોદ, તા. ડભોઈ, જી. વડોદરા, ગુજરાત - ૩૯૧૧૦૫
ફોન : ૦૨૬૬૩-૨૩૩૩૬૨

**આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનન્દ આશ્રમ**
મુ. પો. સુઘડ, ઈન્દિરાબ્રીજ-કોબાસર્કલ, નર્મદા મુખ્ય કેનાલ પાસે,
તા. જી. ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૪૨૪
ફોન : ૦૭૯-૨૩૨૭૬૧૫૧

# SAUJANYA

E-Book Conversion Suggested & Managed by

Shree Babubhai Vallabhbhai Mangukiya - Gariyadhar

Technical Support by

Prashant Babubhai Mangukiya
Kalpesh Babubhai Mangukiya

General Support & Help by

Shree Akhandanand Sagar Yuvak Mandal, Surat

Book's Printed Copy Provided by

Shree Madhavanand Ashram
Shree Sachchidanand Sevak Mandal Trust, Surat

**Price:** Precious, Inestimable

**FREE Download from**

**www.OmShreeMadhavanandji.org**

**Use E-Book**



**Go Green**




**Disclaimer:** This e-book is available for free download from official website of Shree Madhavanand Ashram (Shree Sachchidanand Sevak Mandal Trust) www.OmShreeMadhavanandji.org only. You can download this e-book for personal use and gaining knowledge about Shree Madhavanand Ashram. This e-book Can Not be used for Sell, Print or any other Commercial purpose that will generate direct or indirect income for individual or company by any means. Also content from this e-book or same Can Not be copied to use in other publications, website, blog post, articles or any other purpose. Please do not post this ebook on other website for download or do not forward it by email attachments or any other means. You can send our website url to your friends & family for download e-book from there.

ૐ

અષ્ટોત્તરશત (૧૦૮) શ્રુતિભગવતીએ ઉચ્ચારીતા

# શ્રીઇશ્વરસ્વરૂપવર્ણનમાળા

(ગુજરાતી ભાષાન્તર સહિતા)

તથા

શ્રી શંકર ભગવત્પાદાચાર્ય વિરચિતમ્

# ઉપદેશપંચરત્નમ્

-: સંગ્રથિતા :-

પ. પૂ. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય

સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજ

-: સંપ્રેરક :-

પ. પૂ. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય

મ. મં. સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ

વેદાન્તાચાર્ય

-: પ્રકાશક :-

પ. પૂ. સ્વામી શ્રી હરિહરાનંદસાગરજી મહારાજ

વેદાન્તાચાર્ય

www.OmShreeMadhavanandji.org



# વકતવ્ય

સુજ્ઞ પાઠકજનો !

એકવાર સ્વસંગ્રહીત પુસ્તકોને ટટોળતા એક જીર્ણશીર્ણ પુસ્તક હાથમાં આવ્યું, જોયુતો નામ હતું **''શ્રીઈશ્વરસ્વરૂપવર્ણનમાળા''** 'પ્રસ્તાવના' વાંચતા લાગે છે કે, ઇશ્વરના સ્વરૂપવિશે થતા વાદવિવાદો, મતો, પંથો અને વાડાઓ દ્વારા ધાર્મિક જનતામાં ફેલાયેલી ભ્રમણાથી વ્યથિત થઇ **પરમ પૂજ્ય અધિતવિદિતવેદવેદાર્થ, વિદ્વદ્વરેણ્ય, શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનન્ત શ્રી સ્વામી ચિદાનન્દજી** મહારાજશ્રી એ સનાતનધર્મના આધારભૂત, પ્રસ્થાનત્રયીથી પ્રસિદ્ધ શ્રીમદ્ભગવદ્ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્રમાના પૈકી ઉપનિષદોમાં જે ખાસ ઇશ્વરના જ સ્વરૂપનું વર્ણન કરતા મંત્રો (શ્લોકો) માંથી ૧૦૮ મંત્રોને સંગ્રથિત કરી સાથે સાથે ગુજરાતી ભાષાંતર કરી પોતાની હયાતીમાંજ પોતાના ભક્ત શ્રી છોટાલાલ કાળીદાસ તથા શ્રી ગોકળદાસ મોતીલાલ (હરિજન મંડળ ઠે. સાંથ પીપળી, મુ. નડીયાદ, જી. ખેડા, ગુજરાત) દ્વારા જ્યારે પોસ્ટેજ ખર્ચ રૂ. ૦.૦.૬ પાઇ હતું, ત્યારે સમકાલીન મહાત્મા પ.પૂ. શ્રી જાનકીદાસાખ્યપરમહંસજીના ચરણોમાં અતિઆદર શ્રદ્ધાભાવ સાથે પૂષ્પાંજલી રૂપે છપાવી અર્પિત કર્યુ હતું. જે આગળના પાના ઉપર સંસ્કૃત ભાષામાં લખેલા ''ગ્રંથ પૂષ્પાંજલી સમર્પણમ્'' થી જણાય આવે છે. સરખામણીની દ્રષ્ટિએ માળામાં જેમ બધા મણકા એક સરખા તથા સંખ્યાની દ્રષ્ટિ એ ૧૦૮ હોય છે તેમ આ પુસ્તકમાં બધા મંત્રો એક માત્ર ઇશ્વરના સ્વરૂપનુંજ વર્ણન કરવાવાળા તથા સંખ્યાથી ૧૦૮ હોવાથી **''શ્રીઈશ્વરસ્વરૂપવર્ણનમાળા''** એવું નામ રાખ્યું હોવાનું પ્રતીત થાય છે.

www.OmShreeMadhavanandji.org



વર્તમાનકાળમાં આ પુસ્તકની અતિ આવશ્યકતા જણાતા **પ. પૂ. અનન્તશ્રી મહામંડલેશ્વર સ્વામી જગદીશાનન્દ સાગરજી મહારાજ** ની પ્રેરણાંથી આ પુસ્તકનું પુનઃ પ્રકાશન કરવામાં આવ્યું છે. પ્રથમ આવૃત્તિમાં બધાજ શ્લોકો સંસ્કૃતલિપિમાં હતા પણ સંસ્કૃતભાષાથી અજાણ પાઠકોને વાંચવામાં સરળ પડે તે હેતુથી ગુજરાતી લિપિમાં કરવામાં આવ્યા છે. અને સાથે સાથે પ્રસ્તુત શ્લોકોનું ઉપનિષદોમાં ક્યાં ક્યાં સ્થાન છે તેનો પણ શ્લોકાંક સહિત ઉલેખ કરવામાં આવ્યો છે. મુમુક્ષુ ને કેવી રીતે મોક્ષ માર્ગે આગળ વધવું તેનો ક્રમ બતાવતો ઉપદેશ જેમાં છે તેવું આદ્ય જગદ્‌ગુરૂ ભગવાન શ્રી શંકરાચાર્યજી દ્વારા રચિત ''ઉપદેશ પંચરત્નમ્'' પણ છેલ્લે આપ્યું છે.

શ્રી માધવાનન્દ આશ્રમ, સુરત મુકામે મારા ચાતુર્માસ પ્રસંગે પુસ્તક પ્રકાશનના આ કાર્યમાં જે પૂર્વોક્ત સજ્જનોએ જે આર્થિક સેવા કરી છે, તે સર્વોને પરમાત્મા સર્વ પ્રકારે ઉન્નતિ પ્રદાન કરે, તેમજ સર્વે સુજ્ઞ પાઠકો આ પુસ્તકનું અધ્યયન કરી ઇશ્વરના સાચા સ્વરૂપને ઓળખે, દૃઢ કરે અને બીજાને કરાવડાવે એવી અભ્યર્થના સહ !!!

આષાઢ શુક્લ ગુરૂપૂર્ણિમા
સંવત ૨૦૬૭
તા. ૧૫-૭-૨૦૧૧
શુક્રવાર

ભવદીય
સ્વામી હરિહરાનન્દ સાગર
વેદાન્તાચાર્ય

www.OmShreeMadhavanandji.org



॥ ॐ ॥

# ॥ ग्रन्थपुष्पाञ्जलिसमर्पणम् ॥

श्रीमच्छिरवद्य श्रोत्रिय ब्रह्मनिष्ठ सद्गुरु योगीन्द्र ब्रह्मविद्या मूर्त्ति श्रीमज्जानकीदासाख्यपरमहंस चरणाम्भोरुहेष्वभ्यर्थना ॥

भवद्भिर्ममोपरि कृपयैव मे हृदि ये दुर्गुणा अभूवन् तेषां विनाशयित्वाऽमूल्यब्रह्मविद्याऽध्यापयित्वा चाखण्डानन्दाद्वैतरुपं यदलाभलाभं तस्याऽऽविर्भावं कृतः। किञ्च भवन्तो गुर्जरदेश निवास्यनेक मुमुक्षुजनोपरि देशाटन व्याजेनानुग्रहं कृत्वा येषां चेतसि यानि दुर्गुणादि व्यसनानि सन्ति तेषां दूरीकारयित्वा यथायोग्यं नीति निष्कामधर्मकर्मोपासन ज्ञानादिनामुपदेशं कृत्वा च तेषां हृदि शांन्तिं कारयामासुः । तद्भवदीयानुग्रहार्थं स्वल्पमपि प्रतीकारकर्तुमनेक जन्मपरम्परायामप्यहं न शक्नोमि। तदपि बालचेष्टयेमामीश्वरस्वरुपवर्णनमालानामकामल्पग्रन्थपुष्पाञ्जलिं भवत्पादपङ्कजेष्वनन्तकोटिशोनति पूर्वकं समर्पयामि। भवन्तस्तां कृपया स्वीकुरुत ॥

आषाढ शुक्लपक्षः १५ गुरुपूर्णिमा ॥

भवदीय कृपाकाङ्क्षी
चिदानन्दभिक्षुः ॥

www.OmShreeMadhavanandji.org



# પ્રસ્તાવના

આધુનીક કાલમાં પરમાત્માના સ્વરૂપ સંબંધમાં અનેક વાદવિવાદ ચાલી રહ્યા છે, અને તેના ફળે ધર્મના અનેક મતવાડા બંધાઇ ધર્મની અને આસ્તિકતાની પાયમાલીજ દેખાય છે. સુજ્ઞ પાઠકજનો ! પરમાત્મા કોઇના બનાવ્યા સાકાર યા નિરાકાર બનવાના નથી; પરંતુ એ તો જેવા છે તેવાજ સદાકાળ રહે છે. એક વસ્તુ ઉપાધિ વશાત્ અનેક નામ ગુણ ક્રિયાવાળી દેખાય છે, તેમ પરમાત્મ વસ્તુ પણ માયાઉપાધિવશાત્ અનેક નામ ગુણ ક્રિયાવાળી દેખાય છે, તેમાં જે વાદવિવાદ કરે તે પોતાની અજ્ઞાનતાજ સૂચવે છે. એક બ્રાહ્મણ વિદ્યાપઠનથી પંડિત, વૈદકના ધંધાથી વૈદ, જ્યોતિષના ધંધાથી જ્યોતિષી, રસોઇના ધંધાથી પાચક એમ અનેક ધંધાની ઉપાધિથી ભિન્ન ભિન્ન નામવાળો કહેવાય છે; તેમ પરમાત્મા પણ ભિન્ન ભિન્ન ગુણ ક્રિયાવાળી માયાના સબંધથી ભિન્ન ભિન્ન નામવાળા કહેવાય તેમાં શો વાદવિવાદ? નિરૂપાધિક એક શેર જળ કોઇના ઉપર ફેંકવાથી તે મનુષ્યને કોઇ હાની થતી નથી પણ તેજ જળ ઠંડકના બળથી બરફાકાર બન્યા પછી કોઇના ઉપર ફેંકવામાં આવે તો ભારે હાની કરે છે, અને તેજ બરફાકાર થએલું જળ તાપ-અગ્નિના સંગથી જળ બન્યા પછી કોઇના ઉપર ફેંકવાથી હાની કરતું નથી; તેમ નિરૂપાધિક પરમાત્માતો એક, અક્રિય છે; પરંતુ માયા અવિદ્યાવશાત્ અનેક નામ રૂપ ગુણ ક્રિયાવાળા થઇ અનેક લીલા દેખાડે છે તેથી સાકાર કહેવાય છે, અને તેજ

www.OmShreeMadhavanandji.org



માયા અવિદ્યા ઉપાધિવાળું ચેતન જ્ઞાન અગ્નિના સંબંધથી નામરૂપ ગુણક્રિયાને છોડી નિરૂપાધિક શુદ્ધ નિરાકાર બ્રહ્મ ચેતન ગણાય છે; અને તે અક્રિયજ રહે છે. આ પ્રમાણે કેવળ ઉપાધિવશથી બનેલા સાકાર નિરાકાર પરમાત્માનાં સ્વરૂપમાં કોઇ પણ પ્રકારથી વિવાદ કરવાનો અવકાશજ નથી. કેમકે પરમાત્મા વાસ્તવ રૂપે તો અક્રિય, નિર્ગુણ, નિરાકાર, નિરવયવ, શુદ્ધ, જ્ઞાનસ્વરૂપજ છે, અને તેજ પરમાત્માથી માયાના સંબંધવશાત્ અનેક સંસારિક પદાર્થો વિવર્તરૂપે ભાસે છે, પણ તે સર્વ મૃગતૃષ્ણાના જળ સમાન કલ્પિત છે; અને પરમાત્માતો એક અદ્વિતીય, અખંડ, અવિનાશી, નિર્વિકાર સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એટલાજ હેતુથી પરમાત્માના આવા સ્વરૂપનું વર્ણન કરનારી શ્રુતિઓનો સંગ્રહ કરી મુમુક્ષુજનોના હિતાર્થે આ ''શ્રીઇશ્વરસ્વરૂપવર્ણનમાળા'' ગૂંથવામાં આવેલી છે, માટે તેનો બ્રહ્મ જિજ્ઞાસુ અધિકારી સજ્જનો અમૂલ્ય લાભ લેઇ જીવનમુક્તિ, વિદેહકૈવલ્યમુક્તિ પૂર્વક અખંડ સચ્ચિદાનંદ સુખનો લાભ લેવા પ્રયત્ન કરશે તોજ અમો અમારો આ સ્વલ્પ પરિશ્રમ સફળ માનીશું.

સદા શુભેચ્છક

સંગ્રથિતા

॥ ૐ તત્સત્પરમાત્મને નમોનમઃ ॥

## અષ્ટોત્તરશત (૧૦૮) શ્રુતિ ભગવતીએ ઉચ્ચારીતા

# ॥ શ્રીઈશ્વરસ્વરૂપવર્ણનમાળા ॥

## (ગુજરાતી ભાષાન્તર સહિતા)

## ॥ મંગલાચરણમ્ ॥

**ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે।**
**પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે॥**
**ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ॥**

આ તત્પદનો લક્ષ્યાર્થ જે માયારૂપ ઉપાધિથી રહિત બ્રહ્મ ચેતન છે, તે પૂર્ણ એટલે આકાશની પેઠે નિરતિશય વ્યાપક છે. ત્વમ્ (જીવ) પદનો લક્ષ્યાર્થ જે અવિદ્યારૂપ ઉપાધિથી રહિત આત્મા, તે પણ બ્રહ્મરૂપ હોવાથી પૂર્ણ એટલે નિરતિશય, વ્યાપક છે. પૂર્ણાત્ એટલે કારણ બ્રહ્મ (માયાવિશિષ્ટ ચેતન) થી પૂર્ણ એટલે નામ રૂપ ક્રિયા વાળુ કાર્યબ્રહ્મ અધિક જાય છે, અર્થાત્ પૃથક્ જેવુ પ્રતીત થાય છે. પણ પોતાનું જે પૂર્ણ બ્રહ્મસ્વરૂપ છે તેને ત્યજતું નથી. જ્ઞાનનું આ ફળ છેઃ-પૂર્ણસ્ય એટલે કાર્યબ્રહ્મના અસ્તિ, ભાતિ, પ્રિય પૂર્ણ ભાવને અર્થાત્ એકરસભાવને સંપાદન કરીને જ્ઞાન વડે આ અનિત્ય નામ રૂપાદિક ઉપાધિઓના સંસર્ગના તિરસ્કારપૂર્વક જ્ઞાનકાલમાં પૂર્ણ નામ તે પ્રજ્ઞાનઘનસ્વરૂપ-સચ્ચિદાનંદ-કેવળ બ્રહ્મજ અવશેષ રહે છે. 'ૐ' એ શબ્દ સગુણ નિર્ગુણાત્મક બ્રહ્મનો વાચક છે. 'શાન્તિ' એ પદના ત્રણવાર ઉચ્ચારણથી અધ્યયન કરનારોઓની આધ્યાત્મિકાદિ ત્રણ તાપોની નિવૃત્તિ કરવા માટે પરમકારૂણિક પરમાત્મા પ્રતિ પ્રાર્થના છે.

www.OmShreeMadhavanandji.org



**૧) સદેવ સૌમ્યેદમગ્ર આસીદેકમેવાદ્વિતીયમ્॥**

(છાંદોગ્યોપનિષદ્.૬.૨.)

ઉદ્દાલક મુનિ પોતાના પુત્ર શ્વેતકેતુને એક અદ્વિતીય આત્મસ્વરૂપનો ઉપદેશ કરે છેઃ-હે પ્રિયદર્શન ! આ નામ, રૂપ અને ક્રિયાવાળું વિકારી જગત્ તેની ઉત્પત્તિની પૂર્વે સત્ (નિર્ગુણ, સૂક્ષ્મ, નિર્વિશેષ, નિત્ય, સર્વવ્યાપક, નિર્દોષ, નિષ્ક્રિય, શાંત, નિરંજન, નિરવયવ, અને જ્ઞાનરૂપ) જ હતું; એકજ (સજાતીય તથા સ્વગત ભેદથી રહિત) અદ્વિતીય (વિજાતીય ભેદથી રહિત) હતું.

**આત્મા વા ઈદમેક એવાગ્ર આસીન્નાન્યત્કિંચનમિષત્ ॥**

(ઐતરેયોપનિષદ્.૧.૧.૧)

પ્રસિદ્ધ આ જગત્ તેની ઉત્પત્તિની પૂર્વે સજાતીય, વિજાતીય, અને સ્વગત ભેદથી રહિત એક આત્માજ હતું; તે સમયમાં બીજું કાંઇ પણ વ્યાપારવાળું નહોતું.

**યદન્યદ્દેવેભ્યશ્ચ પ્રાણેભ્યશ્ચ તત્સત્॥**

(કૌષીતકિઉપનિષદ્.૧.૬)

જે દેવોથી અને પ્રાણોથી ભિન્ન છે, તેજ સત્ સ્વરૂપ છે.

**૨) તદૈક્ષત બહુસ્યાં પ્રજાયેયેતિ। તત્તેજોઽસૃજત ॥**

(છાંદોગ્યોપનિષદ્.૬.૨.)

તે સત્ સ્વરૂપ અદ્વિતીય બ્રહ્મ ‘હું બહુ રૂપે થાઉં, નામ રૂપે વ્યક્ત થાઉં’, એમ વિચારવા લાગ્યું; એવી રીતે સંકલ્પ કરીને તે સત્ આકાશ અને વાયું રચીને તેજને રચતું હતુ.

**સ ઈક્ષત લોકાન્નુ સૃજા ઈતિ। સ ઈમાઁલ્લોકાનસૃજત॥**

(ઐતરેયોપનિષદ્.૧.૧.૧,૨)

તે સર્વ વ્યાપક આત્મા હું લોકોને સર્જુ, એમ વિચાર કરવા લાગ્યો. તે વિશ્વવ્યાપી આત્મા એ આ સર્વ લોકોને સરજ્યા.

**૩) તસ્માદ્વા એતસ્માદાત્મન આકાશઃ સંભૂતઃ । આકાશાદ્વાયુઃ । વાયોરગ્નિઃ । અગ્નેરાપઃ । અદ્ભ્યઃ પૃથિવી । પૃથિવ્યા ઓષધયઃ । ઓષધીભ્યોઽન્નમ્। અન્નાદ્રેતઃ । રેતસઃ પુરૂષઃ ॥**

(તૈત્તિરીયોપનિષદ્.૨.૧)

પ્રસિદ્ધ તે આ આત્મસ્વરૂપ બ્રહ્મથી આકાશ ઉપજ્યું. આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, અગ્નિથી જળ, જળથી પૃથિવી, પૃથિવીથી ઓષધીઓ, ઓષધીઓથી અન્ન, અન્નથી વીર્ય અને વીર્યથી પુરૂષ ઉત્પન્ન થાય છે.

www.OmShreeMadhavanandji.org



**એતસ્માજ્જાયતે પ્રાણો મનઃ સર્વેન્દ્રિયાણિ ચ ।**
**ખં વાયુર્જ્યોતિરાપઃ પૃથિવી વિશ્વસ્ય ધારિણી ॥**

(મુંડકોપનિષદ્. ૨.૧.૩)

આ પુરૂષથી પ્રાણ, મન અને સર્વે ઈંદ્રિયો તથા તેમના વિષયો ઉપજે છે; તથા આકાશ, વાયુ, અગ્નિ, જળ અને સર્વને ધારણ કરનારી પૃથિવી ઉત્પન્ન થાય છે.

૪) **ભીષાઽસ્માદ્વાતઃ પવતે । ભીષોદેતિ સૂર્યઃ ।**
**ભીષાઽસ્માદગ્નિશ્ચેન્દ્રશ્ચ । મૃત્યુર્ધાવતિ પંચમ ઈતિ ॥**

(તૈત્તિરીયોપનિષદ્. ૨.૮.૧)

આ બ્રહ્મના ભય વડે વાયુ વાય છે. આ બ્રહ્મના ભય વડે સૂર્ય ઉદય થાય છે. આ બ્રહ્મના ભય વડે અગ્નિ દહનાદિ કર્મ કરે છે અને ઈંદ્ર ત્રિલોકનું રક્ષણ કરે છે તથા મેઘ વર્ષે છે; અને તે ચારની અપેક્ષાએ પાંચમું મૃત્યુ જેનું આયુષ્ય ક્ષીણ થયું હોય એવા પ્રાણ પ્રતિ શીઘ્ર ગતિ કરે છે. ઈતિ......(કાઠકોપનિષદ્‌માં પણ એમજ કહેલું છે.)

૫) **યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે યેન જાતાનિ જીવન્તિ યત્પ્રયન્ત્યભિ-સંવિશન્તિ તદ્વિજિજ્ઞાસસ્વ તદ્‌બ્રહ્મ ॥**

(તૈત્તિરીયોપનિષદ. ૩.૧.૧)

વરૂણનામા મુનિ પોતાના પુત્ર ભૃગુને બ્રહ્મનું સ્વરૂપ કહે છેઃ- જેનાથી પ્રસિદ્ધ આ સર્વ ભૂતો વિવર્તરૂપે ઉપજે છે, જે વડે ઉત્પન્ન થએલાં ભૂતો જીવે છે, અને જેમાં જઈને અભિન્નરૂપે પ્રવેશ કરે છે; તેને વિશેષપણે જાણવાની ઈચ્છા કર, તે બ્રહ્મ છે.

**સ વા એષ મહાનજ આત્માઽજરોઽમરોઽમૃતોઽભયો બ્રહ્મ ॥**

(બૃહદારણ્યકોપનિષદ્. ૪.૪.૨૨)

તે આ પ્રસિદ્ધ આત્મા મહાન્, અજન્મા, અજર, અમર, અમૃત, અભય અને બ્રહ્મ સ્વરૂપ છે.

**એષ સર્વેશ્વર એષ ભૂતાધિપતિઃ ॥**

(બૃહદારણ્યકોપનિષદ્. ૪.૪.૨૨)

આ આત્મા સર્વનો ઈશ્વર, અને આ આત્મા સર્વ ભૂતોનો અધિપતિ છે.

**યઃ સર્વજ્ઞસ્સર્વવિદ્યસ્યૈષ મહિમા ભુવિ દિવ્યે બ્રહ્મપુરે હ્યેષ વ્યોમ્ન્યા-ત્મા પ્રતિષ્ઠિતઃ ॥**

(મુંડકોપનિષદ્. ૨.૨.૭)

જે સામાન્યપણે સર્વને જાણનાર, અને વિશેષપણે સર્વને જાણનાર છે. જેનો લોકમાં જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ, અને લય કરવારૂપ તથા સર્વને નિયમમાં પ્રવર્તાવવા રૂપ

www.OmShreeMadhavanandji.org



પ્રસિદ્ધ આ મહિમા છે; તે આ પ્રસિદ્ધ આત્મા પ્રકાશમાન્ હૃદયરૂપ બ્રહ્મપુર વિષે રહેલા આકાશમાં સ્થિત છે.

૬) **વિજ્ઞાનમાનન્દં બ્રહ્મ ॥**

(બૃહદારણ્યકોપનિષદ્.૩.૯)

વિજ્ઞાનસ્વરૂપ તથા આનંદરૂપ બ્રહ્મ છે.

**આનન્દો બ્રહ્મેતિ વ્યજાનાત્ ॥**

(તૈત્તિરીયોપનિષદ્.૩.૬)

આનંદરૂપ બ્રહ્મ છે, એમ જાણ્યુ.

૭) **આનન્દાદ્ધ્યેવ ખલ્વિમાનિ ભૂતાનિ જાયન્તે । આનન્દેન જાતાનિ જીવન્તિ । આનન્દં પ્રયન્ત્યભિસંવિશન્તીતિ ॥**

(તૈત્તિરિયોપનિષદ્.૩.૬)

આનંદસ્વરૂપ પરબ્રહ્મથીજ પ્રસિદ્ધ ભૂતો ઉત્પન્ન થાય છે, અને ઉત્પન્ન થએલાં આનંદરૂપ બ્રહ્મ વડેજ જીવે છે; તથા પ્રલય કાલે આનંદરૂપ બ્રહ્મ ભણીં જાય છે, તથા તેમાં અભેદરૂપે પ્રવેશ કરે છે.

૮) **નૈનમૂર્ધ્વં ન તિર્યન્ચં ન મધ્યે પરિજગ્રભત્ ।**
**ન તસ્ય પ્રતિમા અસ્તિ યસ્ય નામ મહદ્યશઃ ॥**

(શ્વેતાશ્વતરોપનિષદ્.૪.૧૯)

આ ઇશ્વરને અપરિચ્છિન્નપણાથી, નિરંશપણાથી, અને નિરવયવપણાંથી ઉપરમાં કોઇ પરિગ્રહણ કરી શકતું નથી; દિશાઓમાં અને ખુણાઓમાં તેમજ મધ્યમાં પણ તેને કોઇ પરિગ્રહણ કરી શકતું નથી. અખંડ સુખાનુભવપણાથી તે ઇશ્વરની કોઇ ઉપમા નથી. જે ઇશ્વરનું નામ પરિપૂર્ણ યશ છે.

**સર્વસ્ય પ્રભુમીશાનં સર્વસ્ય શરણં બૃહત્ ॥**

(શ્વેતાશ્વતરોપનિષદ્.૩.૧૭)

તે પરમતત્ત્વ સર્વ જગત્નું સ્વામી, સર્વ જગત્નું નિયંતા, સર્વની પરમગતિ અને સર્વનું કારણ છે.

**ય એતદ્વિદુરમૃતાસ્તે ભવન્તિ ॥**

(કાઠકોપનિષદ્.૨.૬.૨)

જેઓ આ એક પરંબ્રહ્મને જાણે છે, તેઓ અમર થઇ જાય છે. (શ્વેતાશ્વતરોપનિષદ્.૩.૧૩ માં પણ એમજ કહ્યું છે.)

www.OmShreeMadhavanandji.org



૯) યત્તદદ્રેશ્યમગ્રાહ્યમગોત્રમવર્ણમચક્ષુઃશ્રોત્રં તદપાણિપાદમ્ ।
નિત્યં વિભું સર્વગતં સુસૂક્ષ્મં તદવ્યયં યદ્ભૂતયોનિ પરિપશ્યન્તિ ધીરાઃ ॥
(મુંડકોપનિષદ્.૧.૧.૬)

જે બ્રહ્મતત્ત્વ છે તે અદશ્ય, અગ્રાહ્ય, અગોત્ર, શ્વેતાદિરંગોથી રહિત અને ચક્ષુ તથા શ્રોત્રથી રહિત છે. તે પરમતત્ત્વ હાથ-પગથી રહિત, અવિનાશી, વિભુ, સર્વવ્યાપક, અને અતિ સૂક્ષ્મ છે. તે અવ્યય તથા જે બ્રહ્મતત્ત્વ સર્વ ભૂતોનું કારણ છે, તેને વિવેકી ધીર પુરૂષો સર્વ ભણીથી જુએ છે; એટલે સર્વના આત્મારૂપે દેખે છે.

**૧૦) સ હોવાચૈતદ્વૈ તદક્ષરં ગાર્ગિ ! બ્રાહ્મણા અભિવદન્ત્યસ્થૂલમનણ્વ હ્રસ્વમદીર્ઘમલોહિતમસ્નેહમચ્છાયમતમોઽવાય્વનાકાશમસઙ્ગમરસમગન્ધમ-ચક્ષુષ્કમશ્રોત્રમવાગમનોઽતેજસ્કમપ્રાણમમુખમમાત્રમનન્તરમબાહ્યં ન તદશ્નાતિ કિંચન ન તદશ્નાતિ કશ્ચન ॥**

(બૃહદારણ્યકોપનિષદ્.૩.૮.૮)

પ્રસિદ્ધ તે યાજ્ઞવલ્ક્યમુનિ બોલ્યાઃ-હે ગાર્ગિ ! તે આ પ્રસિદ્ધ અક્ષર અવિનાશી શુદ્ધ બ્રહ્મને બ્રહ્મવિદ્ બ્રાહ્મણો આવી રીતે કહે છેઃ-તે અક્ષર બ્રહ્મ સ્થૂલથી ભિન્ન, અણુથી ભિન્ન, હ્રસ્વથી ભિન્ન, દીર્ઘથી ભિન્ન છે; તે રાતુ નથી, ચીકાશવાળુ નથી, અચ્છાય (અપ્રકાશથી ભિન્ન) છે, તે અંધકારથી રહિત, વાયુથી ભિન્ન, આકાશથી ભિન્ન, સંગ રહિત, રસથી ભિન્ન, ગંધથી ભિન્ન, ચક્ષુ રહિત, શ્રોત્ર રહિત, વાણી રહિત, મન રહિત, પ્રકાશથી રહિત, પ્રાણથી રહિત, મુખ રહિત, પ્રમાણ રહિત, છિદ્ર રહિત, અને અપરિચ્છિન્ન છે. તે અક્ષર બ્રહ્મ કોઇ પણ વિષય ભોગવતું નથી, તેમ કોઇ પણ મનુષ્ય તે પરમતત્ત્વને ભોગવતો નથી, એવી રીતે સર્વ વિશેષણોથી રહિત એકજ અદ્વિતીય પરંબ્રહ્મ છે.

૧૧) એતસ્ય વા અક્ષરસ્ય પ્રશાસને ગાર્ગિ ! સૂર્ય્યાચન્દ્રમસૌ વિધૃતૌ તિષ્ઠતઃ ॥
(બૃહદારણ્યકોપનિષદ્.૩.૮.૯)

હે ગાર્ગિ ! પ્રસિદ્ધ આ અવિનાશી પુરૂષની આજ્ઞામાં સૂર્ય તથા ચંદ્ર દાસની પેઠે નિયમિત વર્તે છે.

૧૨) એતસ્ય વા અક્ષરસ્ય પ્રશાસને ગાર્ગિ ! દ્યાવાપૃથિવ્યૌ વિધૃતે તિષ્ઠતઃ ॥
(બૃહદારણ્યકોપનિષદ્.૩.૮.૯)

હે ગાર્ગિ ! પ્રસિદ્ધ આ અવિનાશી ભગવાનની આજ્ઞામાં સ્વર્ગ અને પૃથિવી હાથમાં રાખેલા પાષાણની પેઠે ધારણ કરેલાં સ્થિત છે.

www.OmShreeMadhavanandji.org



**૧૩) એતસ્ય વા અક્ષરસ્ય પ્રશાસને ગાર્ગિ ! નિમેષા મુહૂર્તા અહોરાત્રાણ્યર્ધમાસા માસા ઋતવઃ સંવત્સરા ઈતિ વિધૃતાસ્તિષ્ઠન્તિ ॥**

(બૃહદારણ્યકોપનિષદ્.૩.૮.૯)

હે ગાર્ગિ ! પ્રસિદ્ધ આ અવિનાશી આત્મતત્ત્વની આજ્ઞામાં નિમેષો, મુહૂર્તો, રાત્રિ દિવસો, પખવાડિયાં, માસો, ઋતુઓ, અને વર્ષો આ કાલના અવયવો ગણના કરનારા સેવકની પેઠે નિયમિત વર્તે છે.

**૧૪) તદ્વા એતદક્ષરં ગાર્ગ્યદષ્ટં દ્રષ્ટૃશ્રુતં શ્રોત્રમતં મંત્રવિજ્ઞાતં વિજ્ઞાતૃ । નાન્યદતોઽસ્તિ દ્રષ્ટૃ નાન્યદતોઽસ્તિ શ્રોતૃ નાન્યદતોઽસ્તિ મન્તૃ નાન્યદતોઽસ્તિ વિજ્ઞાતૃ । એતસ્મિન્નુ ખલ્વક્ષરે ગાર્ગ્યાકાશ ઓતશ્ચ પ્રોતશ્ચેતિ ॥**

(બૃહદારણ્યકોપનિષદ્.૩.૮.૧૧)

હે ગાર્ગિ ! ચક્ષુના અવિષયપણાથી પ્રસિદ્ધ તે આ અક્ષર પુરૂષને ઇદમાકાર કોઇએ દીઠો નથી; અર્થાત્ અવિનાશી પુરૂષને કોઇ જોઇ શકતા નથી. છતાં પોતે તો દશિસ્વરૂપ હોવાથી દ્રષ્ટા છે; અર્થાત્ સર્વને તે જુવે છે. શ્રોત્રનો અવિષય હોવાથી અશ્રુત છતાં શ્રોતાછે; અર્થાત્ તેને કોઇ બોલતાં સાંભળી શકતા નથી, પરંતુ તે સર્વેને બોલતાં સાંભળે છે. મનનો અવિષય હોવાથી અમન છતાં પોતે મન્તા છે; અર્થાત્ કોઇ તેના મનનું મનન કરવાને સમર્થ થઇ શકતા નથી, પરંતુ તે સર્વના મનનું મનન કરે છે, અને સર્વના મનની સંકલ્પ વિકલ્પાત્મક વાતો જાણી શકે છે. બુદ્ધિનો અવિષય હોવાથી અવિજ્ઞાત છતાં પોતે વિજ્ઞાતા છે; અર્થાત્ જેવા જાણવા જોઇએ તેવા કોઇ પણ તેને જાણી શકતા નથી, પરંતુ તે તો સર્વને યથાર્થ રીતે જાણે છે. હવે તેના નાનાપણાની શંકાનું નિરાકરણ કરે છેઃ- આ અક્ષર બ્રહ્મથી ભિન્ન કોઇ દ્રષ્ટા નથી, આજ સર્વત્ર દ્રષ્ટા છે. આ આત્મતત્ત્વથી ભિન્ન કોઇ શ્રોતા નથી, આનાથી ભિન્ન કોઇ મંતા નથી, અને આ પરમતત્ત્વથી ભિન્ન કોઇ વિજ્ઞાતા નથી. હે ગાર્ગિ ! પ્રસિદ્ધ આ અવિનાશી આત્મામાંજ આકાશ ઓત તથા પ્રોત છે. ઈતિ.

**૧૫) યદિદં કિંચ જગત્સર્વં પ્રાણ એજતિ નિઃસૃતમ્ ।**
**મહદ્ભયં વજ્રમુદ્યતં ય એતદ્વિદુરમૃતાસ્તે ભવન્તિ ॥**

(કાઠકોપનિષદ્.૨.૬.૨)

જે કાંઇ આ સર્વ જગત્ છે તે પ્રાણમાં ચેષ્ટા કરે છે, તેથી નીકળ્યું છતું ચેષ્ટા કરે છે; અર્થાત્ તે પ્રાણરૂપ પરબ્રહ્મના સદ્ભાવથી ચાલે છે, અને તેમાંથીજ આ જગત્ નીકળ્યું છતું નિયમ વડે ચેષ્ટા કરે છે. એવું જે જગત્‌ની ઉત્પત્તિ આદિનું કારણ બ્રહ્મ છે, તેજ જેનાથી સર્વ જગત્ ભય પામે છે એવું મહાન્ ભયરૂપ છે; તથા ઉગામેલા વજ્ર જેવું છે. જેમ ઉગામેલા વજ્રવાળા સ્વામીને સન્મુખ આવતો દેખીને સેવક તેની આજ્ઞામાં અવશ્ય પ્રવૃત્ત

www.OmShreeMadhavanandji.org



થાય છે, તેમ આ સૂર્યચંદ્રાદિરૂપ સર્વ જગત્ તથા લોકપાલો ક્ષણમાત્ર પણ વિશ્રામ નહિ લેતાં ઉગામેલા વજ્રવાળા સ્વામીના જેવા પરમાત્માના ભયથી નિયમ વડે પોત પોતાના કામમાં પ્રવૃત્ત રહે છે. જે પુરૂષો પોતાના શરીરઆદિકની પ્રવૃત્તિના સાક્ષિભૂત આ એક બ્રહ્મને જાણે છે, તેઓ મરણધર્મથી રહિત અવિનાશી થાય છે.

**૧૬) શ્રોત્રસ્ય શ્રોત્રં મનસો મનો યદ્વાચો હ વાચં સ ઉ પ્રાણસ્ય પ્રાણઃ ।**
**ચક્ષુષશ્ચક્ષુરતિમુચ્ય ધીરાઃ પ્રેત્યાસ્માલ્લોકાદમૃતા ભવન્તિ ॥**

(કેનોપનિષદ્.૧.૨)

શિષ્યે સર્વ કરણોને પ્રકાશ કરનારા તત્ત્વનું સ્વરૂપ પૂંછ્યું હતું, તે તત્ત્વનું સ્વરૂપ શ્રી સદ્ગુરૂ કહે છેઃ-હે શિષ્ય ! શબ્દ વિષયના જ્ઞાનનું અસાધારણ કારણ શ્રોત્ર છે, શ્રોત્રના શબ્દગ્રહણના સામર્થ્યનું જે અસાધારણકારણ છે તે શ્રોતનું પણ શ્રોત્ર કહેવાય છે; અર્થાત્ શ્રોત્રમાં જે પોતાનો શબ્દવિષય પ્રકાશવાનું સામર્થ્ય છે, તે સામર્થ્ય સ્વયંજ્યોતિઃ, અસંગ, નિત્ય, શુદ્ધ ચૈતન્યરૂપ પરંબ્રહ્મના સદ્ભાવથીજ છે; તેનો સદ્ભાવ ન હોય તો તે શ્રોત્ર પોતાના વિષયનો પ્રકાશ કરવામાં સમર્થ થઇ શકે નહિં; તેથી તે સચ્ચિદાનંદ સ્વરૂપ ચૈતન્ય શ્રોત્રનું શ્રોત્ર છે. સંકલ્પ-વિકલ્પ, નિશ્ચય, ચિંતન, અને અહંભાવ એ અંતઃકરણની વૃત્તિઓ ચૈતન્ય વિના પોતાના વિષયોને પ્રકાશ કરવામાં અસમર્થ છે, તેથી તે ચૈતન્ય અંતઃ કરણનું પણ અંતઃકરણ (મનનું પણ મન) છે. જે પ્રસિદ્ધ વર્ણોચ્ચાર શક્તિરૂપ વાણી છે, તે વાણી પોતાનું કાર્ય ચૈતન્ય બ્રહ્મના સદ્ભાવથીજ કરી શકે છે; તેથી તે ચૈતન્ય બ્રહ્મ વાણીનું પણ વાણી છે. પ્રાણાપાનાદિ પાંચ વૃત્તિવાળો અને પ્રાણિઓના જીવનના કારણરૂપ જે પ્રાણ છે, તે પ્રાણને જે સામર્થ્ય આપનાર ચૈતન્ય છે, તે ચૈતન્ય પ્રાણનું પણ પ્રાણરૂપ કહેવાય છે. રૂપના જ્ઞાનનું અસાધારણ કારણ ચક્ષુ છે. જે આત્મચેતન ચક્ષુને રૂપના જ્ઞાનનું સામર્થ્ય આપે છે તે ચૈતન્ય ચક્ષુનું પણ ચક્ષુ કહેવાય છે. એવી રીતે જે બ્રહ્મચેતન સ્થૂલ સૂક્ષ્માદિ શરીરોનું અધિષ્ઠાન હોવાથી શ્રોત્રનું શ્રોત્ર, મનનું મન, વાણીનું વાણી, પ્રાણનું પ્રાણ, અને ચક્ષુનું ચક્ષુ છે. તે બ્રહ્મ ચૈતન્ય હું છું, એમ જાણીને શ્રોત્રાદિકમાંથી હું પણાના ભાવને ત્યજીને જે પુરૂષો વર્તે છે, તે બુદ્ધિમાન્ પુરૂષો સર્વ લૌકિક ઇચ્છાઓનો ત્યાગ કરીને આ વર્તમાન શરીરરૂપ લોકથી મૃત્યુને પામીને અમૃત ભાવવાળા થાય છે, અર્થાત્ વિદેહમુક્ત થાય છે.

**૧૭) અચિન્ત્યમવ્યક્તમનન્તરૂપં શિવં પ્રશાન્તમમૃતં બ્રહ્મયોનિમ્ ।**
**તમાદિમધ્યાન્તવિહીનમેકં વિભું ચિદાનન્દમરૂપમદ્ભૂતમ્ ॥**

(કૈવલ્યોપનિષદ્.૧.૬)

અચિન્ત્ય, અવ્યક્ત, અનંતરૂપ, મંગળસ્વરૂપ, પ્રશાંત, અમૃત, બ્રહ્મસ્વરૂપ, જગત

www.OmShreeMadhavanandji.org



જન્માદિકારણ, આદિ, મધ્ય, અંત રહિત, એક, વ્યાપક, સ્વયંપ્રકાશમાન્, નિરતિશય આનંદસ્વરૂપ, રૂપ રહિત, અને આશ્ચર્યકર પરમતત્ત્વનું ધ્યાન કરીને મનનશીલ મુમુક્ષુ આત્માનો સાક્ષાત્કાર કરે છે.

**૧૮) જાગ્રત્સ્વપ્ન સુષુપ્ત્યાદિ પ્રપંચં યત્પ્રકાશતે ।**
**તદ્બ્રહ્માઽહમિતિ જ્ઞાત્વા સર્વબન્ધૈઃ પ્રમુચ્યતે ॥**

(કૈવલ્યોપનિષદ્.૧.૧૭)

જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિ આદિ પ્રપંચને અર્થાત્ વિરાટ્, હિરણ્યગર્ભ અને અવ્યાકૃતને તથા વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ ઇત્યાદિ સર્વ સ્થૂલ, સૂક્ષ્મ, કારણ પ્રપંચને જે સ્વયંજ્યોતિઃ પ્રકાશ કરે છે; તે સત્યસ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ અને અનંત સ્વરૂપ બ્રહ્મ હું છું, એ રીતે પ્રત્યક્ અભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર કરીને ઉત્તમ અધિકારી અવિદ્યાદિ સર્વ બંધનોથી મુકાય છે.

**૧૯) ન જાયતે ન મ્રિયતે ન શુષ્યતિ ન ક્લિદ્યતે ન દહ્યતે ન કમ્પતે ન ભિદ્યતે ન છિદ્યતે । નિર્ગુણઃ સાક્ષિભૂતઃ શુદ્ધો નિરવયવાત્મા । કેવલઃ સૂક્ષ્મો નિર્મમો નિરંજનો નિર્વિકારઃ શબ્દસ્પર્શરૂપરસગંધવર્જિતો નિર્વિકલ્પો નિરાકાંક્ષઃ સર્વવ્યાપી સોઽચિન્ત્યો નિર્વર્ણ્યશ્ચ પુનાત્યશુદ્ધાન્યપૂતાનિ । નિષ્ક્રિયસ્તસ્ય સંસારો નાસ્તિ ॥**

(આત્મોપનિષદ્.૧)

આત્મા જન્મતો નથી, મરતો નથી, સુકાતો નથી, જળથી ભિંજાતો નથી, બળતો નથી, કંપતો નથી, ભેદાતો નથી, છેદાતો નથી; આત્મા નિર્ગુણ, સાક્ષિરૂપ, શુદ્ધ અને નિરવયવ છે, આત્મા કેવળ, સૂક્ષ્મ, મમતા રહિત, નિરંજન, નિર્વિકાર, શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધાદિકથી રહિત, નિર્વિકલ્પ, આકાંક્ષા રહિત અને સર્વવ્યાપક છે. તે આત્મા અચિંત્ય અને અવર્ણ્ય છે. તે નિષ્ક્રિય આત્મા અપવિત્ર અશુદ્ધ પદાર્થોને પવિત્ર કરે છે. તે આત્માને સંસાર નથી.

**૨૦) ન તત્ર ચક્ષુર્ગચ્છતિ ન વાગ્ગચ્છતિ નો મનો,**
**ન વિદ્મો ન વિજાનીમો યથૈતદનુશિષ્યાત્ ।**
**અન્યદેવ તદ્વિદિતાદથો અવિદિતાદધિ,**
**ઇતિ શુશ્રુમ પૂર્વેષાં યે નસ્તદ્ વ્યાચચક્ષિરે ॥**

(કેનોપનિષદ્.૧.૩)

બ્રહ્મ ચક્ષુનું પણ ચક્ષુ હોવાથી ચક્ષુ ઇંદ્રિય તેમાં પ્રવૃત્તિ કરી શકતી નથી. વાણી પણ તે બ્રહ્મમાં ગમન કરી શકતી નથી; તેમ મન બ્રહ્મને વિષય કરી શકતું નથી. તેથી તે

www.OmShreeMadhavanandji.org



બ્રહ્મ આવું છે એમ અમે જાણતા નથી. જે વસ્તુ કરણનો વિષય હોય તે બ્રાહ્મણત્વાદિ જાતિથી, શ્યામાદિ ગુણોથી, પાચકાદિ ક્રિયાથી, અને રાજપુરૂષાદિ સંબંધરૂપ વિશેષણથી ઉપદેશ કરી શકાય છે. પરંતુ આ બ્રહ્મતો 'કેવલો નિર્ગુણશ્ચ' (કેવળ અને નિર્ગુણ છે.) ઈત્યાદિ શ્રુતિથી જાતિ આદિવાળું નથી; તેથી જે પ્રકારથી આ બ્રહ્મનો શિષ્યના પ્રતિ ઉપદેશ કરી શકાય તે પ્રકાર અમે જાણતા નથી. તે બ્રહ્મ જાણેલાથી ભિન્નજ છે, અને નહિ જાણેલાથી પણ જુદુ છે, એવી રીતે પૂર્વના આચાર્યોના વચન અમે સાંભળતા હતા, કે જે આચાર્યો અમને તે બ્રહ્મ સ્પષ્ટ કરીને કહેતા હતા.

**૨૧) યદ્વાચાઽનભ્યુદિતં યેન વાગભ્યુદ્યતે । તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ**

(કેનોપનિષદ્.૧.૪)

જે વાણી વડે પ્રકાશ (કથન) કરાતું નથી, પણ જે વડે વાણી પ્રકાશિત થાય છે; તે આત્મસ્વરૂપ સર્વથી અધિકતર વ્યાપક હોવાથી તેનેજ તું બ્રહ્મ જાણ.

**૨૨) યન્મનસા ન મનુતે યેનાહુર્મનો મતમ્ । તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ**

(કેનોપનિષદ્.૧.૫)

જેને લોકો મન વડે મનન કરી શકતા નથી, અર્થાત્ અનેક તર્ક કર્યા છતાં પણ જ્યાં લોકોનું મન પહોંચી શકતું નથી; પણ જેણે વૃત્તિ સહિત મન વિષય કર્યું છે, અર્થાત્ જેણે સર્વના મનની અંદરની દરેક બાબતો જાણી છે; એમ બ્રહ્મવેત્તાઓ કહે છે, તેનેજ તું બ્રહ્મ જાણ.

**૨૩) યચ્ચક્ષુષા ન પશ્યતિ યેન ચક્ષુંષિ પશ્યતિ । તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ**

(કેનોપનિષદ્.૧.૬)

લોકો જેને નેત્ર વડે જોઇ શકતા નથી, પણ જે ચૈતન્યરૂપ જ્યોતિ વડે નેત્રો દેખે છે; અર્થાત્ જે આત્મજ્યોતિ વડે નેત્રો રૂપને ગ્રહણ કરે છે. તેનેજ તું બ્રહ્મ જાણ.

**૨૪) યચ્છ્રોત્રેણ ન શૃણોતિ યેન શ્રોત્રમિદં શ્રુતમ્ । તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ**

(કેનોપનિપદ્.૧.૭)

જેને લોકો શ્રોત્ર વડે સાંભળી શકતા નથી, અર્થાત્ જે આત્મચેતનને લોક કર્ણ ઇંદ્રિય વડે વિષય કરી શકતા નથી; પણ જે ચૈતન્ય વડે આ શ્રોત્ર ઇંદ્રિય શ્રવણરૂપ સ્વકાર્ય કરવામાં સમર્થ થાય છે, તેનેજ તું બ્રહ્મ જાણ.

**૨૫) યત્પ્રાણેન ન પ્રાણિતિ યેન પ્રાણઃ પ્રણીયતે । તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ**

(કેનોપનિષદ્.૧.૮)

જે ચૈતન્ય પ્રાણ વડે વિષય કરી શકાતું નથી, પરંતુ જે વડે પ્રાણ વિષય પ્રતિ જાય છે; અર્થાત્ જે ચૈતન્ય જ્યોતિથી પ્રાણ શરીર ધારણરૂપ સ્વવ્યાપાર કરે છે. તેનેજ તું બ્રહ્મ જાણ.

www.OmShreeMadhavanandji.org



૨૬) યદિ મન્યસે સુવેદેતિ દભ્રમેવાપિ નૂનં ત્વં વેત્થ બ્રહ્મણો રૂપમ્ ।
યદસ્ય ત્વં યદસ્ય ચ દેવેષ્વથ નુ મીમાંસ્યમેવ તે મન્યે વિદિતમ્ ॥

(કેનોપનિષદ્.૨.૧)

આચાર્ય કહે છેઃ–હે શિષ્ય ! જો તું 'હું બ્રહ્મને સારી રીતે જાણું છું', એમ માનતો હો, તો તું નિશ્ચય જે આ બ્રહ્મનું નિરતિશય વ્યાપકરૂપ છે, તેને અલ્પજ જાણે છે. તથા આ બ્રહ્મનું જે રૂપ તું દેવો વિષે જાણે છે, તે પણ તું નિશ્ચય અલ્પજ જાણે છે. તેથી હજી પણ તારે બ્રહ્મસ્વરૂપ વિચાર કરવા યોગ્યજ છે.

૨૭) નાહં મન્યે સુવેદેતિ નો ન વેદેતિ વેદ ચ ।
યો નસ્તદ્વેદ તદ્વેદ નો ન વેદેતિ વેદ ચ ॥

(કેનોપનિષદ્.૨.૨)

'હું બ્રહ્મને સારી રીતે જાણું છું' એમ હું માનતો નથી. હું બ્રહ્મને જાણતો નથી એમ નહિ, અને જાણું છું એમ પણ નહિં. અમારામાંથી જે કોઇ તે ઇશ્વર સ્વરૂપને "હું જાણતો નથી એમ નહિં, અને હું જાણું છું એમ પણ નહિં;" એમ જાણે છે, તેજ તેને જાણે છે. (આ શ્રુતિમાં બ્રહ્મનું દૂર્વિજ્ઞેયપણું તથા અપરોક્ષપણું સ્પષ્ટ રીતે દેખાડેલું છે.)

૨૮) યસ્યામતં તસ્ય મતં મતં યસ્ય ન વેદ સઃ ।
અવિજ્ઞાતં વિજાનતાં વિજ્ઞાતમવિજાનતામ્ ॥

(કેનોપનિષદ્.૨.૩)

જેને બ્રહ્મ અજ્ઞાત છે તેને બ્રહ્મ જ્ઞાત છે, અને જેને બ્રહ્મ જ્ઞાત છે તે બ્રહ્મને જાણતો નથી અર્થાત્ જે બ્રહ્મવેત્તાઓનો એવો નિશ્ચય છે કેઃ– મેં બ્રહ્મ સ્વરૂપને યથાર્થ રીતે જાણ્યું નથી, તે બ્રહ્મવેત્તાનેજ બ્રહ્મતત્ત્વ જ્ઞાત છે. તથા જેણે એવો નિશ્ચય કર્યો છે કેઃ–મેં બ્રહ્મતત્ત્વ જાણ્યું છે તે અજ્ઞાની જીવ બ્રહ્મતત્ત્વને જાણતો નથી એ સ્પષ્ટજ છે. બ્રહ્મસ્વરૂપના જાણનારા તત્ત્વજ્ઞાનીઓને બ્રહ્મ અવિજ્ઞાત છે, અને બ્રહ્મના વાસ્તવિક સ્વરૂપને નહિં જાણનારને તે બ્રહ્મ જ્ઞાત છે અર્થાત્ તત્ત્વવેત્તાઓને તો બ્રહ્મ સ્વયંપ્રકાશ હોવાથી જ્ઞાત (જ્ઞાનનો વિષય) નથી; પરંતુ બ્રહ્મના વાસ્તવિક સ્વરૂપને નહિં જાણનારને તે બ્રહ્મ જ્ઞાત (જ્ઞાનનો વિષય) છે, કેમકે તે અજ્ઞાનીઓએ તો ઇંદ્રિય, પ્રાણ વા બુદ્ધિ આદિકમાંથી કોઇ એક જ્ઞાત વસ્તુને બ્રહ્મરૂપે માની છે.

૨૯) ઇહ ચેદવેદીદથ સત્યમસ્તિ ન ચેદિહાવેદીન્મહતી વિનષ્ટિઃ ।
ભૂતેષુ ભૂતેષુ વિચિત્ય ધીરાઃ પ્રેત્યાસ્માલ્લોકાદમૃતા ભવન્તિ ॥

(કેનોપનિષદ્.૨.૫)

જો આ મનુષ્યજન્મમાં આત્માને જાણે છે, તો બ્રહ્માનંદ સ્વરૂપ ફળ પ્રાપ્ત થાય છે;

www.OmShreeMadhavanandji.org



તેથી તેનો વિનાશ થતો નથી. અર્થાત્ આ મનુષ્ય જન્મ સાર્થક થાય છે. જો આ મનુષ્ય શરીરમાં સ્વસ્વરૂપભૂત આત્માને નથી જાણતો તો જન્મ-મરણાદિ ક્લેશની પ્રાપ્તિરૂપ મહામોટી હાનિ થાય છે. એટલાજ માટે બુદ્ધિમાન્-ધીર પુરૂષો સર્વ સ્થાવર જંગમાત્મક ભૂતોમાં સ્થિત એક આત્માને જાણીને આ લોકથી ઉપરામ થઇને અમૃતભાવવાળા (અમર) થાય છે.

૩૦) **અનેજદેકં મનસો જવીયો નૈનદ્દેવા આપ્નુવન્પૂર્વમર્ષત્ ।**
**તદ્ધાવતોઽન્યાનત્યેતિ તિષ્ઠત્તસ્મિન્નપો માતરિશ્વા દધાતિ ॥**

(ઇશાવાસ્યોપનિષદ્.૪)

તે આત્મતત્ત્વ ચલન રહિત, એક અને મનથી વધારે વેગવાન્ છે. એને ચક્ષુ આદિ કોઇ પણ ઇંદ્રિયો પ્રાપ્ત થઇ શકતી નથી; અર્થાત્ જેમ ચક્ષુ-ગોલકમાં વર્તમાન અંજન (કાજળ) અત્યંત સાન્નિધ્યપણામાં હોવાથી ચક્ષુ વડે ગ્રહણ કરી શકાતું નથી, તેમ આત્મતત્ત્વ પણ મન આદિમાં અનુગત હોવાથી મન, ચક્ષુ આદિ વડે ગ્રહણ થઇ શકતું નથી. તે આત્મતત્ત્વ અતિવેગવાળા મનથી પણ પૂર્વ ગયેલું છે, તે આત્મતત્ત્વ શીઘ્ર ગમન કરનારાં કાલ, વાયુ આદિ તથા આત્માથી વિલક્ષણ જે મન વાગાદિ છે, તેમનું ઉલ્લંઘન કરી જતું હોય તેમ પ્રતીત થાય છે; છતાં વસ્તુતાએ તો તે અવિક્રિય નિર્વિકાર જ રહે છે. તે નિત્ય ચૈતનના સદ્ભાવથી તેમાંજ સમષ્ટિ પ્રાણવાયુ સર્વ કર્મોને ધારણ કરે છે.

૩૧) **તદેજતિ તન્નૈજતિ તદ્દૂરે તદ્વન્તિકે ।**
**તદન્તરસ્ય સર્વસ્ય તદુ સર્વસ્યાસ્ય બાહ્યતઃ ॥**

(ઇશાવાસ્યોપનિષદ્.૫)

તે આત્મતત્ત્વ ક્રિયા કરે છે પણ પોતે સ્વભાવથી કોઇ પણ ક્રિયા કરતું નથી. તે દૂર છે, અર્થાત્ અજ્ઞાનીને મૂઢ જનોને તે પરમતત્ત્વ કોટિ વર્ષ કાલે પણ પ્રાપ્ત થવાને યોગ્ય નથી તેથી તેમને તે અત્યંત દૂર છે, તે આત્મતત્ત્વ અત્યંત સમીપ પણ છે; અર્થાત્ તે આત્મતત્ત્વ વિદ્વાનોનું સ્વસ્વરૂપ હોવાથી તેઓને અત્યંત સમીપ છે. તે પરમતત્ત્વ ચરાચરરૂપ સર્વની અંદર છે; અને તેજ આત્મતત્ત્વ અખિલ બ્રહ્માંડની બહાર પણ છે, કેમકે તે આકાશની પેઠે વ્યાપકશીલ છે.

૩૨) **યસ્તુ સર્વાણિ ભૂતાનિ આત્મન્યેવાનુપશ્યતિ ।**
**સર્વ ભૂતેષુ ચાત્માનં તતો ન વિજુગુપ્સતે ॥**

(ઇશાવાસ્યોપનિષદ્.૬)

જે સર્વ ભૂત પ્રાણિમાત્રોને આત્મામાંજ સાક્ષાત્ જુએ છે; અને સર્વ ભૂતોમાં આત્માને જુએ છે. એમ અભેદ જ્ઞાન થયા પછી વિદ્વાન પુરૂષ કોઇની અવજ્ઞા-નિંદા કરતો

www.OmShreeMadhavanandji.org



નથી; કેમકે તે વિદ્વાન પોતાના આત્માથી ભિન્ન અન્ય કાંઇ દેખતોજ નથી, સર્વત્ર પોતાના આત્માનેજ દેખે છે; તેથી તે કોઇની પણ નિંદા સ્તુતિ કરતો નથી.

૩૩) સ પર્યગાચ્છુક્રમકાયમવ્રણમસ્નાવિરં શુદ્ધમપાપવિદ્ધમ્ ।
કવિર્મનીષી પરિભૂઃ સ્વયંભૂર્યાથાતથ્યતોऽર્થાન્વ્યદધાચ્છાશ્વતીભ્યઃ સમાભ્યઃ ॥

(ઇશાવાસ્યોપનિષદ્.૮)

તે સ્વરૂપાભિન્ન આત્મા સર્વવ્યાપક, દીપ્તિમાન્(સ્વયંપ્રકાશ), લિંગ શરીર રહિત, ક્ષત(છિદ્ર)રહિત, શિરાઓ(નાડીઓ)થી રહિત; તે આત્મા ક્ષત અને શિરાઓથી રહિત છે એમ કહેવાથી તેને સ્થૂળ શરીર પણ નથી એમ સૂચવ્યું છે. તે આત્મા શુદ્ધ(અવિદ્યાદિ મલ રહિત)છે; અહીં શુદ્ધ કહેવાથી આત્મા કારણ શરીરથી રહિત છે એમ બોધન કરે છે. તે આત્મા ધર્માધર્માદિરૂપ પાપથી રહિત, સર્વદ્રષ્ટા, મનનો નિયામક, સર્વની ઉપર રહેનારો (સર્વથી શ્રેષ્ઠ), અને સ્વયંભૂ(કારણ રહિત)છે. માયાની ઉપાધિવાળું ચેતન ઈશ્વર કહેવાય છે. તે નિત્યમુક્ત ઈશ્વર સર્વજ્ઞપણાથી સૃષ્ટિના આદિકાલમાં બહુ કાલ સ્થિત રહેવાવાળા સંવત્સર નામના પ્રજાપતિથી સાધ્યસાધનાદિ નિયત સ્વરૂપ વડે ચેતન અચેતનરૂપ પદાર્થોને વિવિધ રૂપે કલ્પે છે.

૩૪) સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ । યો વેદ નિહિતં ગુહાયાં પરમે વ્યોમન્ । સોऽશ્નુતે સર્વાન્કામાન્ સહ બ્રહ્મણાવિપશ્ચિતેતિ ॥

(તૈત્તિરીયોપનિષદ્.૨.૧)

મિથ્યાથી વિલક્ષણ હોવાથી, અને જે વસ્તુ ભૂત, ભવિષ્યત્, અને વર્તમાન એ ત્રણે કાલમાં બાધ પામતી નથી તેથી તે સત્યસ્વરૂપ બ્રહ્મ છે. જેના જ્ઞાનનો કદી પણ નાશ થતો નથી તેથી, અને જડથી વિલક્ષણ હોવાથી તે જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ છે. જેનો દેશ, કાલ ને વસ્તુ વડે અંત નથી તેથી, તથા પરિચ્છિન્નથી વિલક્ષણ હોવાથી તે અનંત સ્વરૂપ બ્રહ્મ છે. હૃદય વડે પરિચ્છેદ પામેલા ઉત્કૃષ્ટ ભૂતાકાશમાં રહેલી બુદ્ધિરૂપ ગુહામાં સાક્ષિપણા વડે પ્રકટ જે બ્રહ્મ વિદ્યમાન્ છે તે બ્રહ્મને જે ઉત્તમ અધિકારી ''અહં બ્રહ્માસ્મિ'' (હું બ્રહ્મ છું) એ પ્રકારે જાણે છે; તે બ્રહ્મભૂત વિદ્વાન્ સર્વ ભોગોને એક કાલમાં ભોગવે છે. ઇતિ.

૩૫) હિરણ્મયે પરેકોશે વિરજં બ્રહ્મ નિષ્કલમ્ ।
તચ્છુભ્રં જ્યોતિષાં જ્યોતિસ્તદ્યદાત્મવિદો વિદુઃ ॥

(મુંડકોપનિષદ્.૨.૨.૯)

પ્રકાશમય, સર્વાભ્યન્તર, આનંદમયાખ્ય, ઉત્કૃષ્ટકોશમાં નિર્મળ, નિરવયવ, જે બ્રહ્મ છે, તે શુદ્ધ અને સૂર્યાદિ જ્યોતિઓનું જ્યોતિઃ સ્વરૂપ છે; તેને પોતાના આત્માનું યથાર્થ સ્વરૂપ જાણનારા આત્મવેત્તાઓ જાણે છે.

www.OmShreeMadhavanandji.org



૩૬) ન તત્ર સૂર્યો ભાતિ ન ચન્દ્રતારકં નેમા વિદ્યુતો ભાન્તિ કુતોઽયમગ્નિઃ ।
તમેવ ભાન્તમનુભાતિ સર્વં તસ્ય ભાસા સર્વમિદં વિભાતિ ॥
(કાઠકોપનિષદ્.૨.૫.૧૫, મુંડકોપનિષદ્.૨.૨.૧૦, શ્વેતાશ્વરોપનિષદ્.૬.૧૪)

તે બ્રહ્મને સૂર્ય પ્રકાશ કરી શકતો નથી, ચંદ્ર તારા તેને પ્રકાશી શકતાં નથી, તેને આ વિજળીઓ પ્રકાશી શકતી નથી; તો આ અગ્નિ તેને કયાથી પ્રકાશે? સર્વ જગત્ તે પરમાત્માનાજ ભાસમાન્ થયા પછી ભાસે છે. તે પરમાત્માના પ્રકાશ વડે આ સૂર્ય ચંદ્રાદિ સહિત સર્વ જગત્ પ્રકાશે છે.

૩૭) પ્રાણો હ્યેષ યઃ સર્વભૂતૈર્વિભાતિ વિજાનન્ વિદ્વાન્ભવતે નાતિવાદી ।
આત્મક્રીડ આત્મરતિઃ ક્રિયાવાનેષ બ્રહ્મવિદાં વરિષ્ઠઃ ॥
(મુંડકોપનિષદ્.૩.૧.૪)

જે આ પ્રાણરૂપ આત્મા સર્વ ભૂતો વડે નાના પ્રકારનો જણાય છે, અર્થાત્ જે આ પ્રાણનો પ્રાણ સ્વરૂપ ઈશ્વર છે, તે સર્વ ભૂતોમાં તેમના આત્મારૂપે રહીને વિવિધ પ્રકારનો જણાય છે. એમ સર્વત્ર આત્મભાવને જાણનારો વિદ્વાન્ આત્માથી ભિન્ન દર્શનના અભાવથી અતિવાદી થતો નથી; અર્થાત્ આત્માનો પરિત્યાગ કરીને બીજી કોઇ વાતો કરતો નથી, આત્મા સંબંધીજ કથન કરે છે. વળી આ વિદ્વાન સ્ત્રીપુત્ર ધનાદિમાં ક્રીડાવાળો નહિં, પણ આત્મામાંજ ક્રીડાવાળો; શબ્દાદિ બાહ્યવિષયોમાં પ્રીતિવાળો નહિં, પણ આત્માને વિષેજ પ્રીતિવાળો; અને વિવેક, વૈરાગ્ય, જ્ઞાન, ધ્યાન, શમ, દમાદિક ક્રિયાવાળો છે; તેથી આ બ્રહ્મનિષ્ઠ સર્વ બ્રહ્મવેત્તાઓમાં ઉત્કૃષ્ટ છે.

૩૮) બૃહચ્ચ તદ્દિવ્યમચિન્ત્યરૂપં સૂક્ષ્માચ્ચ તત્સૂક્ષ્મતરં વિભાતિ ।
દૂરાત્સુદૂરે તદિહાન્તિકે ચ પશ્યત્સ્વિહૈવ નિહિતં ગુહાયામ્ ॥
(મુંડકોપનિષદ્.૩.૧.૭)

બ્રહ્મ સર્વવ્યાપક હોવાથી મહાન્, સ્વયંપ્રકાશ, તથા અચિંત્ય રૂપ છે; તે સૂક્ષ્મથી સૂક્ષ્મતર વિવિધ સ્વરૂપે પ્રકાશે છે. આત્મા અજ્ઞાની જીવોને અત્યંત અગમ્ય હોવાથી દૂરથી અતિ દૂર છે, અને તે બ્રહ્મ જ્ઞાનીઓને તો પોતાના આત્મરૂપ હોવાથી તથા સર્વાન્તર હોવાથી આ શરીર વિષે સમીપમાં રહેલું છે. તે અહીંજ બુદ્ધિરૂપ ગુહામાં સ્થિત છે.

૩૯) ન ચક્ષુષા ગૃહ્યતે નાપિ વાચા નાન્યૈર્દેવૈસ્તપસા કર્મણા વા ।
જ્ઞાનપ્રસાદેન વિશુદ્ધસત્ત્વસ્તતસ્તુ તં પશ્યતે નિષ્કલં ધ્યાયમાનઃ ॥
(મુંડકોપનિષદ્.૩.૧.૮)

તે બ્રહ્મ ચક્ષુ વડે ગ્રહણ થઇ શકતું નથી; તે વાણી વડે પણ ગ્રાહ્ય નથી. અન્ય ઇંદ્રિયો વડે, તપ વડે અથવા યજ્ઞાદિ કર્મ વડે પણ તે બ્રહ્મ ગ્રહણ થઇ શકતું નથી; પણ જ્યારે ધ્યાનાદિકથી બુદ્ધિ રાગદ્વેષાદિકથી રહિત તથા સંશયાદિ મળથી રહિત શાન્ત થાય

www.OmShreeMadhavanandji.org



છે; ત્યારે તે બુદ્ધિની શાંતિ વડે વિશુદ્ધ અંતઃકરણવાળો ઉત્તમ અધિકારી પુરૂષ બ્રહ્મનો સાક્ષાત્કાર કરવામાં સમર્થ થાય છે. તેથી આ શાંતિ આદિ સાધનવાળો તથા જિતેન્દ્રિય પુરૂષ એકાગ્ર ચિત્તથી ધ્યાન કરતો છતો તે નિરવયવ બ્રહ્મને ઉપલબ્ધ કરે છે.

૪૦) તમીશ્વરાણાં પરમં મહેશ્વરં તં દેવતાનાં પરમં ચ દૈવતમ્ ।
પતિં પતીનાં પરમં પરસ્તાદ્વિદામ દેવં ભુવનેશમીડ્યમ્ ॥

(શ્વેતાશ્વતરોપનિષદ્. ૬.૭)

તે પરમાત્મા હિરણ્યગર્ભાદિ સર્વ નિયંતાઓના ઉત્કૃષ્ટ અને મહાન્ નિયંતા છે. તે પરમાત્મા અગ્નિ આદિ સર્વ દેવતાઓનું પરમ દૈવત છે. તથા તે મહેશ્વર પ્રજાપતિરૂપ સર્વ પતિઓના પણ પતિ છે. તે પરાત્પર (માયાથી ઉત્કૃષ્ટ), દીપ્તિમાન્, ભુવનોના નિયંતા અને સ્તવનીય છે; તેને અમે જાણતા હતા.

૪૧) ન તસ્ય કાર્યં કરણં ચ વિદ્યતે ન તત્સમશ્ચાભ્યધિકશ્ચ દૃશ્યતે ।
પરાઽસ્ય શક્તિર્વિવિધૈવ શ્રૂયતે સ્વાભાવિકી જ્ઞાનબલ ક્રિયા ચ ॥

(શ્વેતાશ્વતરોપનિષદ્. ૬.૮)

તે પરમાત્માને સ્થૂલ-સૂક્ષ્માદિ શરીર તથા ચક્ષુરાદિ ઇંદ્રિય સમૂહ વિદ્યમાન્ નથી. તે પરમાત્માના સમાન તથા તેમનાથી અધિક કોઇ પણ દેખવામાં આવતો નથી; તેમ સાંભળવામાં પણ આવતો નથી. આ પરમેશ્વરની ઉત્કૃષ્ટ શક્તિ વેદશાસ્ત્રમાં વિવિધ પ્રકારનીજ શ્રવણ કરાય છે, અને તેની જ્ઞાનક્રિયા (સર્વ વિષયના જ્ઞાનમાં પ્રવૃત્તિ) અને બળક્રિયા (પોતાની સન્નિધિમાત્ર વડે સર્વને વશ કરીને નિયમમાં પ્રવર્તાવવારૂપ કર્મ) સ્વાભાવિકી (અનાદિ સિદ્ધ) છે.

૪૨) ન તસ્ય કશ્ચિત્પતિરસ્તિ લોકે ન ચેશિતા નૈવ ચ તસ્ય લિંગમ્ ।
સ કારણં કરણાધિપાધિપો ન ચાસ્ય કશ્ચિજ્જનિતા ન ચાધિપઃ ॥

(શ્વેતાશ્વતરોપનિષદ્. ૬.૯)

તે પરમાત્માનો વિશ્વમાં કોઇ સ્વામી નથી, તથા તેનો કોઇ નિયંતા નથી; અને તેનું કોઇ પણ લિંગ (શરીર વા ચિહ્ન) જ નથી. તે પરમાત્મા સર્વનું કારણ છે; તથા તે મન સહિત ચક્ષુરાદિ સર્વ ઇંદ્રિયોના અધિષ્ઠાતાના પાલક છે. આ પરમાત્માનો કોઇ ઉત્પાદક (પિતા) નથી, તેમ તેનો કોઇ અધિપતિ પણ નથી.

૪૩) એકો દેવઃ સર્વ ભૂતેષુ ગૂઢઃ સર્વવ્યાપી સર્વભૂતાન્તરાત્મા ।
કર્માધ્યક્ષઃ સર્વભૂતાધિવાસઃ સાક્ષી ચેતા કેવલો નિર્ગુણશ્ચ ॥

(શ્વેતાશ્વતરોપનિષદ્. ૬.૧૧)

તે પરમાત્મા એક (અદ્વિતીય), દીપ્તિમાન્, સર્વભૂતપ્રાણિઓમાં ગુપ્ત રહેલા, સર્વ

www.OmShreeMadhavanandji.org



સ્થાવર જંગમાત્મક બ્રહ્માંડોમાં વ્યાપક, અને સર્વ ભૂતોના અંતરાત્મા છે; તથા તે પરમાત્મા સર્વ જીવોના કર્મોના નિયંતા, અર્થાત્ સર્વ જીવોને તેમના કર્મોનું ફળ આપવાવાળા; તથા સર્વ ભૂત પ્રાણિઓના નિવાસરૂપ, સર્વના સાક્ષી, ચૈતન્યસ્વરૂપ, કેવળ, અને સત્ત્વાદિ ગુણોથી રહિત છે.

૪૪) **એકો વશી નિષ્ક્રિયાણાં બહૂનામેકં બીજં બહુધા યઃ કરોતિ ।**
**તમાત્મસ્થં યેઽનુપશ્યન્તિ ધીરાસ્તેષાં સુખં શાશ્વતં નેતરેષામ્ ॥**

(શ્વેતાશ્વતરોપનિષદ્.૬.૧૨)

જે સજાતીય, વિજાતીય અને સ્વગતભેદોથી રહિત, એક અદ્વિતીય અને વિવિધ ક્રિયાઓથી રહિત એવા જડોને વશ રાખનારા પરમાત્મા, અવિદ્યારૂપ એક બીજ (કારણ) ને અનેક પ્રકારે કરે છે; તે બુદ્ધિમાં રહેલા પરમેશ્વરને જે બુદ્ધિમાન્ ધીર પુરૂષો શ્રી સદ્‌ગુરૂ દ્વારા વેદ વાક્યોના શ્રવણ પછી ''અમે બ્રહ્મ છીએ'' એમ અપરોક્ષ જાણે છે, તેઓને અવિનાશી મહાસુખ મળે છે, બીજા અજ્ઞાની જીવોને તે અવિનાશી મહાસુખ મળતુંજ નથી.

૪૫) **નિત્યો નિત્યાનાં ચેતનશ્ચેતનાનામેકો બહૂનાં યો વિદધાતિ કામાન્।**
**તત્કારણં સાંખ્યયોગાધિગમ્યં જ્ઞાત્વા દેવં મુચ્યતે સર્વપાશૈઃ ॥**

(શ્વેતાશ્વતરોપનિષદ્.૬.૧૩)

આકાશાદિ નિત્ય પદાર્થોના મધ્યે જે નિત્ય છે, અને જે જીવોના મધ્યે ચેતનરૂપ છે; તથા જે એક સર્વ જીવોને યથાયોગ્ય ભોગો આપે છે. તે વિશ્વના કારણરૂપ તથા સાંખ્ય ''અહં બ્રહ્માસ્મિ'' (હું બ્રહ્મ છું) એવું સમ્યક્ જ્ઞાન અને યોગ વડે જાણવા યોગ્ય દેવને સાક્ષાત્ જાણીને અધિકારી જીવ અવિદ્યા, કામ અને કર્માદિ સર્વ પાશોથી મૂકાય છે.

૪૬) **એષ દેવો વિશ્વકર્મા મહાત્મા સદા જનાનાં હૃદયે સન્નિવિષ્ટઃ ।**
**હૃદા મનીષા મનસાઽભિક્લૃપ્તો ય એતદ્વિદુરમૃતાસ્તે ભવન્તિ ॥**

(શ્વેતાશ્વતરોપનિષદ્.૪.૧૭)

આ પરમાત્મદેવ, વિશ્વકર્તા, મહાત્મા, અને મનુષ્યોના હૃદયમાં અહર્નિશ સમ્યક્ સ્થિતિ કરીને રહેલા છે. તથા તે વિવેકવાળા અને વિચારવાળા મન વડે અભિવ્યક્ત થનારા છે. જેઓ આ પરમાત્મદેવને સ્વસ્વરૂપ ભૂત જાણે છે તેઓ મરણભાવથી રહિત અવિનાશી થાય છે.

૪૭) **તં દુર્દર્શં ગૂઢમનુપ્રવિષ્ટં ગુહાહિતં ગહ્વરેષ્ઠં પુરાણમ્ ।**
**અધ્યાત્મયોગાધિગમેન દેવં મત્વા ધીરો હર્ષશોકૌ જહાતિ ॥**

(કઠોપનિષદ્.૧.૨.૧૨)

યમરાજા કહે છે, હે નચિકેતા ! જે આત્માને તું જાણવાને ઇચ્છે છે, તે આત્મા

અતિ સૂક્ષ્મ હોવાથી જેનો દુઃખ વડે સાક્ષાત્કાર થઇ શકે એવો છે; અર્થાત્ સંયમ વિનાના ચિત્તથી દેખવાને અશક્ય છે, વળી તે આત્મા માયાના કાર્યો વડે આચ્છાદિત થએલો હોવાથી ગૂઢ છે, અને કાર્ય સમુદાયને સર્જીને તેમાં પ્રવેશ કરી રહેલો છે; તે બુદ્ધિરૂપ ગુહામાં સ્થિત, અને રાગદ્વેષાદિરૂપ અનેક અનર્થોથી યુક્ત અત્યંત ખેદ ઉપજાવનાર કાર્યકારણના સમૂહમાં અધિષ્ઠાનરૂપે રહેનારો, અને સનાતન છે. આત્મા વિષે ચિત્તની એકાગ્રતારૂપ જે અધ્યાત્મ યોગ છે તેની પ્રાપ્તિ વડે તે આત્મદેવને સાક્ષાત્કાર કરીને બુદ્ધિમાન્ પુરૂષ આત્માની વૃદ્ધિ અને હાનિના અભાવથી હર્ષ તથા શોકને ત્યજે છે.

**૪૮) સ વિશ્વકૃદ્વિશ્વવિદાત્મયોનિર્જ્ઞઃ કાલકારો ગુણી સર્વવિદ્યઃ ।**
**પ્રધાનક્ષેત્રજ્ઞપતિર્ગુણેશઃ સંસારમોક્ષસ્થિતિબન્ધહેતુઃ ॥**

**સ તન્મયો હ્યમૃત ઈશસંસ્થો જ્ઞઃ સર્વગો ભુવનસ્યાસ્ય ગોપ્તા ।**
**ય ઈશ અસ્ય જગતો નિત્યમેવ નાન્યો હેતુર્વિદ્યત ઈશનાય ॥**

(શ્વેતાશ્વતરોપનિષદ્.૬.૧૬,૧૭)

જે અવ્યક્ત અને જીવોના સ્વામી તથા સત્ત્વાદિ ગુણોના નિયંતા અને જ્ઞાન વડે સંસારથી મોક્ષના તથા અજ્ઞાન વડે સંસારમાં સ્થિતિરૂપ બંધનના હેતુભૂત છે. તે પરમાત્મા જગત્ના કર્તા, સર્વને સામાન્ય રીતે જાણનાર, સર્વના આત્મા, સર્વનું કારણ, જ્ઞાનસ્વરૂપ, કાલના કર્તા, અલૌકિક ગુણવાળા, અને સર્વને વિશેષ રીતે જાણનાર છે.

જે આ જગત્ને નિત્યજ નિયમમાં રાખે છે, તે પરમાત્મા અજ્ઞાનકાળે તથા જ્ઞાનકાળે તન્મય (ચૈતન્યમય), પ્રસિદ્ધ, અવિનાશી, પોતાની મહિમામાં સમ્યક્ સ્થિતિવાળા, જ્ઞાનસ્વરૂપ, સર્વવ્યાપક, અને આ ભુવનોના પાલક છે. જગત્ના નિયમન માટે પરમાત્મા વિના અન્ય કારણ વિદ્યમાન નથી.

**૪૯) યસ્માદર્વાક્ સંવત્સરોઽહોભિઃ પરિવર્તતે ।**
**તદ્દેવા જ્યોતિષાં જ્યોતિરાયુર્હોપાસતેઽમૃતમ્ ॥**

(બૃહદારણ્યકોપનિષદ્.૪.૪.૧૬)

જેનાથી આ સંવત્સરરૂપ કાલ પોતાના અવયવોરૂપ દિવસ રાત્રી વડે કાર્ય સમૂહનો પરિચ્છેદ કરતો છતો વિદ્યમાન્ છે. તે સૂર્યાદિ જ્યોતિઓના પ્રકાશક, સર્વના આયુષ્ય્ સ્વરૂપ, અને અમરણ ધર્મવાળા ઇશ્વરનું પ્રસિદ્ધ દેવો અનુસંધાન કરે છે. તેથી આયુષ્યની કામનાવાળાએ તે ગુણવાળુ બ્રહ્મ ઉપાસ્ય છે.

**૫૦) સર્વસ્ય વશી સર્વસ્યેશાનઃ સર્વસ્યાધિપતિઃ, સ ન સાધુના કર્મણા ભૂયાન્નો એવાસાધુના કનીયાન્ એષ સર્વેશ્વર એષ ભૂતાધિપતિરેષ ભૂતપાલઃ ।**

(બૃહદારણ્યકોપનિષદ્.૪.૪.૨૨)

જે સર્વને વશ રાખનારા, સર્વના નિયામક અને સર્વના અધિપતિ છે; તે પરમાત્મા

www.OmShreeMadhavanandji.org



વિહિત કર્મો વડે પૂર્વ અવસ્થાથી વૃદ્ધિને પામતા નથી; તેમજ નિષિદ્ધ કર્મો વડે લઘુતાને પામતા નથી. કેમકે આ સર્વના નિયામક છે, અને આ સર્વ સ્થાવર જંગમાત્મક ભૂતોના અધિપતિ છે; તથા આ ઉત્પન્ન થએલાં ભૂતોનું રક્ષણ કરનાર છે.

**૫૧) યો બ્રહ્માણં વિદધાતિ પૂર્વં યો વૈ વેદાંશ્ચ પ્રહિણોતિ તસ્મૈ ।**
**તં હ દેવમાત્મબુદ્ધિપ્રકાશં મુમુક્ષુર્વૈ શરણમહં પ્રપદ્યે ॥**

(શ્વેતાશ્વરોપનિષદ્.૬.૧૮)

જે પરમાત્મા સૃષ્ટિના આદિકાલમાં બ્રહ્માને ઉત્પન્ન કરે છે, અને જે તેમનેજ પ્રસિદ્ધ વેદો આપે છે; તે સ્વબુદ્ધિના પ્રકાશ કરનાર સાક્ષી દેવને હું મુમુક્ષુ જીવ શરણ પામ્યો છું.

**૫૨) નિષ્કલં નિષ્ક્રિયં શાન્તં નિરવદ્યં નિરંજનમ્ ।**
**અમૃતસ્ય પરં સેતું દગ્ધેન્ધનમિવાનલમ્ ॥**

(શ્વેતાશ્વરોપનિષદ્.૬.૧૯)

તે પરમાત્મદેવ નિરવયવ, ક્રિયા રહિત, શાન્ત, નિર્દોષ, નિર્લેપ, મુક્તિના ઉત્કૃષ્ટ સેતુરૂપ, અને ઇંધન (કાષ્ટ) બળી રહ્યા પછીના અગ્નિ તુલ્ય પ્રકાશમાન્ જ્ઞાનસ્વરૂપ છે.

**૫૩) એષ સર્વેશ્વર એષ ભૂતાધિપતિરેષ ભૂતપાલ એષ સેતુર્વિધરણ એષાં લોકાનામસંભેદાય ॥**

(બૃહદારણ્યકોપનિષદ્.૪.૪.૨૨)

આ સર્વનો ઈશ્વર, આ સર્વ સ્થાવર જંગમભૂતોનો અધિપતિ, અને આ ઉત્પન્ન થએલાં ભૂતોનો પ્રતિપાલક, તથા આ ભૂરાદિ લોકોના અસાંકર્ય માટે વર્ણાશ્રમાદિ વ્યવસ્થા રાખનાર સેતુસ્વરૂપ છે.

**૫૪) યસ્મિન્દ્યૌઃ પૃથિવી ચાન્તરિક્ષમોતં મનઃ સહ પ્રાણૈશ્ચ સર્વૈઃ ।**
**તમેવૈકં જાનથ આત્માનમન્યા વાચો વિમુંચથ અમૃતસ્યૈષ સેતુઃ ॥**

(મુંડકોપનિષદ્.૨.૨.૫)

જે બ્રહ્મમાં સ્વર્ગ, પૃથિવી અને અંતરિક્ષરૂપ સમગ્ર જગત્ પ્રવેશ પામેલું છે, તથા પ્રાણાદિ સર્વ બીજા કરણો સહિત મન જેમાં પ્રવેશ પામેલું છે; તે સર્વના આશ્રયરૂપ, અદ્વિતીય અને સર્વ પ્રાણિઓનાં પ્રત્યક્સ્વરૂપ આત્માનેજ જાણો. તે આત્માને જાણીને અપરાવિદ્યારૂપ બીજી સર્વ વાણીઓનો પરિત્યાગ કરો. આ આત્માનું જ્ઞાન સંસારરૂપ મહાસાગર ઉતરવાના હેતુરૂપ હોવાથી મોક્ષની પ્રાપ્તિ માટે સેતુ (પૂલ-પાજ) રૂપ છે.

www.OmShreeMadhavanandji.org



૫૫) યદર્ચિમદ્યદણુભ્યોऽણુ ચ યસ્મિઁલ્લોકા નિહિતા લોકિનશ્ચ ।
તદેતદક્ષરં બ્રહ્મ સ પ્રાણસ્તદુ વાઙ્મનઃ તદેતત્સત્યં તદમૃતં તદ્વેદ્ધવ્યં
સોમ્ય વિદ્ધિ ॥

(મુંડકોપનિષદ્.૨.૨.૨)

જે દીપ્તિમાન્, જે સૂક્ષ્મોથી સૂક્ષ્મ તથા સ્થૂલમાં સ્થૂલ છે; જેમાં ભૂરાદિ સર્વે લોકો તથા તે લોક નિવાસી મનુષ્યાદિક સ્થિત છે; તે આ અવિનાશી બ્રહ્મ છે. તે પ્રાણ, તેજ, વાણી, અને મન છે. તે આ બ્રહ્મ સત્યસ્વરૂપ છે, ને અમૃત(અવિનાશી)સ્વરૂપ છે. તે મન વડે સમાધાન કરવા યોગ્ય છે; અર્થાત્ તેમાં ચિત્તની એકાગ્રતા કરવી જોઇએ. તેથી હે પ્રિયદર્શન ! તે બ્રહ્મમાં ચિત્તને એકાગ્ર કર.

૫૬) ય એષ સુપ્તેષુ જાગર્તિ કામં કામં પુરૂષો નિર્મિમાણઃ ।
તદેવ શુક્રં તદ્બ્રહ્મ તદેવામૃતમુચ્યતે ।
તસ્મિઁલ્લોકાઃ સ્થિતાઃ સર્વે તદુ નાત્યેતિ કશ્ચન । એતદ્વૈતત્ ॥

(કાઠકોપનિષદ્.૨.૫.૮)

જે આ સ્વયંપ્રકાશ ચિદ્રૂપ પુરૂષ સ્વપ્નમાં ઇંદ્રિયો પ્રલીન થયે સતે સ્ત્રી, પુત્ર, પશુ આદિક ઇચ્છિત વિષયને અવિદ્યાથી રચતો છતો જાગે છે. તે જ શુદ્ધ છે, તે જ બ્રહ્મ છે; તે જ બ્રહ્મ અવિનાશી મોક્ષસ્વરૂપ કહેવાય છે. પૃથિવી આદિક સર્વે લોકો તે બ્રહ્મમાં આશ્રય પામેલા છે. તે બ્રહ્મનું કોઇ પણ ઉલ્લંઘન કરી શકતું નથી. હે નચિકેતા ! તેં પૂછેલું બ્રહ્મસ્વરૂપ તે આ વર્ણન કરેલુંજ બ્રહ્મ છે.

૫૭) અણોરણીયાન્મહતો મહીયાનાત્માऽસ્ય જન્તોર્નિહિતો ગુહાયામ્ ।
તમક્રતુઃ પશ્યતિ વીતશોકો ધાતુપ્રસાદાન્મહિમાનમાત્મનઃ ॥

(કાઠકોપનિષદ્.૧.૨.૨૦)

આ આત્મા મનઆદિ સૂક્ષ્મ પદાર્થથી અતિશય સૂક્ષ્મ છે, અને કાલાદિકનું અધિષ્ઠાન હોવાથી તે કાલાદિ મહાન્ પદાર્થથી આ આત્મા અત્યંત મહાન્ છે; તે આત્મા બ્રહ્માથી તૃણગુચ્છ પર્યન્તના આ સમગ્ર પ્રાણિજાતની બુદ્ધિરૂપી ગુહામાં પ્રત્યક્રૂપ વડે સ્થિત છે. આલોક પરલોકના વિષયોથી ઉપરામ ચિત્તવાળો મનુષ્ય મન આદિક કરણોરૂપ ધાતુઓની નિર્મળતાથી આત્માના તે મહિમા (કર્મ નિમિત્ત વૃદ્ધિ, હાની રહિત રૂપ) ને સાક્ષાત્ અનુભવે છે; અર્થાત્ 'આ આત્મા હું છું' એમ સાક્ષાત્ જાણે છે, તેથી શોક રહિત થાય છે.

૫૮) એકો વશી સર્વ ભૂતાન્તરાત્મા એકં રૂપં બહુધા યઃ કરોતિ ।
તમાત્મસ્થં યેऽનુપશ્યન્તિ ધીરાસ્તેષાં સુખં શાશ્વતં નેતરેષામ્ ॥

(કાઠકોપનિષદ્.૨.૫.૧૨)

www.OmShreeMadhavanandji.org



જે પરમાત્મા એક અદ્વિતીય, સર્વ વિશ્વના નિયંતા, અને સર્વભૂતોના અંતરાત્મા છે; તથા જે આત્મા એક નિરૂપાધિક ચિદ્રૂપને ઉપાધિ રચિત અનેક પ્રકારે કરે છે. તે બુદ્ધિમાં રહેલા આત્માને જે વિવેકીઓ આચાર્ય અને શાસ્ત્રના ઉપદેશને પામીને સાક્ષાત્ અનુભવે છે, તેઓને નિત્યસુખ થાય છે; બીજા જે બાહ્ય વિષયોમાં આસક્ત ચિત્તવાળા અવિવેકી જનો છે તેઓને તે નિત્યસુખ પ્રાપ્ત થતું નથી.

૫૯) **સર્વાનન શિરોગ્રીવઃ સર્વભૂતગુહાશયઃ ।**
**સર્વવ્યાપી સ ભગવાંસ્તસ્માત્સર્વગતઃ શિવઃ ॥**

(શ્વેતાશ્વતરોપનિષદ્.૩.૧૧)

**સર્વતઃ પાણિપાદં તત્સર્વતોઽક્ષિશિરોમુખમ્ ।**
**સર્વતઃ શ્રુતિમલ્લોકે સર્વમાવૃત્ય તિષ્ઠતિ ॥**

(શ્વેતાશ્વતરોપનિષદ્.૩.૧૬)

તે ઐશ્વર્યવાન્ પ્રભુ સર્વ મુખવાળા, સર્વ મસ્તકવાળા, સર્વ ડોકવાળા, સર્વ પ્રાણીઓની બુદ્ધિરૂપ ગુહામાં સ્થિત, અને સર્વવ્યાપક છે; તેથી તે કલ્યાણ કરનાર સર્વમાં સ્થિત છે.

જે સર્વ ભણીં હાથો તથા પગોવાળું, સર્વ ભણીં નેત્રો અને મસ્તકવાળું, તથા સર્વ ભણીં મુખોવાળું, અને સર્વ ભણીં શ્રોત્રવાળું બ્રહ્મ છે; તે લોકોમાં સર્વને ઢાંકીને રહે છે.

૬૦) **પરમેવાક્ષરં પ્રતિપદ્યતે સ યો હ વૈતદચ્છાયમશરીરમલોહિતં શુભ્રમક્ષરં વેદયતે યસ્તુ સોમ્ય ।**

(પ્રશ્નોપનિષદ્.૪.૧૦)

સૌર્યના પુત્ર ગાર્ગ્યને પિપ્પલાદ મુનિ કહે છેઃ-હે પ્રિયદર્શન ! જે પુરૂષ તે પ્રસિદ્ધ અજ્ઞાન રહિત, શરીર રહિત, લોહિતાદિ ગુણ રહિત, શુદ્ધ અને વિનાશશૂન્ય બ્રહ્મને આચાર્યના ઉપદેશથી જાણે છે; તે અક્ષરરૂપ પરંબ્રહ્મનેજ પામે છે.

૬૧) **અદષ્ટમવ્યવહાર્યમગ્રાહ્યમલક્ષણમચિન્ત્યમવ્યપદેશ્યમેકાત્મ પ્રત્યયસારં પ્રપંચોપશમં શાન્તં શિવમદ્વૈતમ્ ॥**

(નૃસિંહોત્તરતાપિન્યુપનિષદ્.૧)

જે પરંબ્રહ્મ ચક્ષુરાદિ ઇંદ્રિયોથી અગોચર, અવ્યવહાર્ય, વાગાદિ કર્મ ઇંદ્રિયોથી અગ્રાહ્ય, કોઇ પણ લક્ષણથી અગમ્ય, અચિંત્ય, કોઇ પણ શબ્દથી જણાય નહીં એવુ છે. માત્ર એક આત્મ પ્રત્યયજ તેના અસ્તિત્વનું પ્રમાણ છે. તે સર્વ સંસારધર્મથી અતીત છે, તે શાંત, કલ્યાણ સ્વરૂપ, અને અદ્વિતીય છે.

www.OmShreeMadhavanandji.org



**૬૨) તદેતત્પ્રેયઃ પુત્રાત્પ્રેયો વિત્તાત્પ્રેયોऽન્યસ્માત્સર્વસ્માદન્તરતરં યદયમાત્મા ॥**

(બૃહદારણ્યકોપનિષદ્.૧.૪.૮)

જે આ આત્મા પ્રાણાદિકથી અધિક અંતર છે, તે આ આત્મા પુત્રથી અધિક પ્રિયતર છે, સુવર્ણાદિક ધનથી અધિક પ્રિયતમ છે, અને વિશ્વમાં પ્રિયપણા વડે કરીને પ્રસિદ્ધ એવા અન્ય સર્વ પદાર્થોથી પણ અધિક પ્રિયતર આત્મા છે.

**૬૩) સ યોऽન્યમાત્મનઃ પ્રિયં બ્રુવાણં બ્રુયાત્પ્રિયં રોત્સ્યતીતીશ્વરો હ તથૈવ સ્યાદાત્માનમેવ પ્રિયમુપાસીત સ ય આત્માનમેવ પ્રિયમુપાસ્તે ન હાસ્ય પ્રિયં પ્રમાયુકં ભવતિ ॥**

(બૃહદારણ્યકોપનિષદ્.૧.૪.૮)

જે કોઇ તત્ત્વદર્શી તે આત્માથી ભિન્ન સ્ત્રીપુત્રાદિકને પ્રિય કહેનારા પ્રતિ "તારો તે પ્રિય વિનાશ પામશે" એમ કહે; તો આ તત્ત્વદર્શી એમ કહેવામાં સમર્થજ છે, કેમકે જેમ તે કહે તેમજ થાય છે. તેથી સ્ત્રીપુત્રધનાદિ અન્ય પ્રિયનો પરિત્યાગ કરીને આત્મારૂપ પ્રિયનેજ ઉપાસે. તે જે આત્મારૂપ પ્રિયનેજ ઉપાસે છે, આનું પ્રિય મરણ સ્વભાવવાળું થતું નથી.

**૬૪) આત્મા વા અરે દ્રષ્ટવ્યઃ શ્રોતવ્યો મન્તવ્યો નિદિધ્યાસિતવ્યો મૈત્રેય્યાત્મનિ ખલ્વરે દૃષ્ટે શ્રુતે મતે વિજ્ઞાત ઈદં સર્વં વિદિતમ્ ॥**

(બૃહદારણ્યકોપનિષદ્.૪.૫.૬)

યાજ્ઞવલ્કય મુનિ કહે છેઃ-અરે મૈત્રેયિ ! પરમ પ્રેમનું સ્થાન આત્માજ સાક્ષાત્ કરવા યોગ્ય, અને આચાર્ય તથા શાસ્ત્રદ્વારા શ્રવણ કરવા યોગ્ય છે; તથા યુક્તિઓ વડે મનન કરવા યોગ્ય અને નિશ્ચયપૂર્વક ધ્યાન કરવા યોગ્ય છે. અરે મૈત્રેયિ ! આ આત્મા દૃષ્ટ થયે સતે, શ્રવણ કરે સતે, મનન કરે સતે, અને આ આત્મા એમજ છે અન્યથા નથી એમ નિશ્ચય જાણે સતે, આ સર્વ કલ્પિત જગત્ વિદિત થાય છે.

**૬૫) સ વા અયમાત્મા સર્વેષાં ભૂતાનામધિપતિઃ સર્વેષાં ભૂતાનાં રાજા ॥**

(બૃહદારણ્યકોપનિષદ્.૨.૫.૧૫)

પ્રસિદ્ધ તે આ આત્મા સર્વ ભૂતોનો અધિપતિ છે, અને સર્વ ભૂતોનો રાજા છે.

**૬૬) તદ્યથા રથનાભૌ ચ રથનેમૌ ચારાઃ સર્વે સમર્પિતા એવમેવાસ્મિ ન્નાત્મનિ સર્વાણિ ભૂતાનિ સર્વેદેવાઃ સર્વે લોકાઃ સર્વે પ્રાણાઃ સર્વ એત આત્માનઃ સમર્પિતાઃ ॥**

(બૃહદારણ્યકોપનિષદ્.૨.૫.૧૫)

www.OmShreeMadhavanandji.org



સર્વ જગત્ આત્મામાંજ સ્થિત છે તેમાં દ્રષ્ટાંત કહે છેઃ-જેમ રથના ચક્રની નાભિમાં અને રથના ચક્રની નેમિમાં સર્વે આરા સ્થિત છે; તેમજ આ આત્મામાં સર્વે ભૂત પ્રાણીઓ, સર્વે દેવતાઓ, ભૂરાદિ સર્વે લોકો, સર્વે પ્રાણો તથા ઇંદ્રિયો, અને સર્વે ચિદાભાસરૂપ જીવાત્માઓ સ્થિત છે.

**૬૭) યુજે વાં બ્રહ્મ પૂર્વ્યં નમોભિઃ ॥**

(શ્વેતાશ્વતરોપનિષદ્.૨.૫)

હે મન અને ઇંદ્રિયો ! તમને હું નમસ્કારો વડે અનાદિ સિદ્ધ બ્રહ્મપ્રતિ એકાગ્ર કરૂં છું.

**અનાદ્યનન્તં કલિલસ્ય મધ્યે વિશ્વસ્ય સ્રષ્ટારમનેકરૂપમ્ ।**
**વિશ્વસ્યૈકં પરિવેષ્ટિતારં જ્ઞાત્વા દેવં મુચ્યતે સર્વપાશૈઃ ॥**

(શ્વેતાશ્વતરોપનિષદ્.૫.૧૩)

અનાદિ, અનંત, વિશ્વના કર્તા, અનેકરૂપવાળા, અને વિશ્વને સર્વભણીં વીંટીને રહેનારા અદ્વિતીય દેવને ગહન સંસારની મધ્યે જાણીને અધિકારી જીવ અવિદ્યાદિ સર્વ પાશોથી મુક્ત થાય છે.

**૬૮) ન જાયતે મ્રિયતે વા વિપશ્ચિન્નાયં કુતશ્ચિન્ન બભૂવ કશ્ચિત્ ।**
**અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે ॥**

(કાઠકોપનિષદ્.૧.૨.૧૮)

નિત્ય ચૈતન્યરૂપ આત્મા જન્મતો વા મરતો નથી, આ આત્મા કોઈથી થયો નથી; અને આ આત્માથી કોઇ થયું નથી. આ આત્મા અજન્મા, નિત્ય, શાશ્વત, અને પુરાણ (પૂર્વે પણ નવીનજ) છે; અર્થાત્ વૃદ્ધિવર્જિત છે. આ આત્મા શરીરમાં સ્થિત છતાં પણ આકાશની પેઠે અસંગ હોવાથી શસ્ત્રાદિકથી શરીરનું હનન થયે પણ હણાતો નથી. (આ શ્રુતિ આત્માનું નિરૂપાધિક સ્વરૂપ વર્ણવે છે.)

**૬૯) એષ સર્વેષુ ભૂતેષુ ગૂઢોત્મા ન પ્રકાશતે ।**
**દૃશ્યતે ત્વગ્ર્યયા બુદ્ધ્યા સૂક્ષ્મયા સૂક્ષ્મદર્શિભિઃ ॥**

(કાઠકોપનિષદ્.૧.૩.૧૨)

આ આત્મા બ્રહ્માથી સ્તંબપર્યંત સર્વ ભૂતો વિષે અવિદ્યાથી ઢંકાયલો હોઇને તે સંસ્કાર રહિત બુદ્ધિવાળા જીવને આત્મપણા વડે પ્રતીત થતો નથી; એકાગ્રતાવાળી સૂક્ષ્મ બુદ્ધિ વડે સૂક્ષ્મદર્શિઓથી તો દેખાય છે. અર્થાત્ તત્ત્વદર્શિઓએ ગુરૂ ઉપદિષ્ટ મહાવાક્ય જન્ય સૂક્ષ્મ પદાર્થ ગ્રહણ કરવાના સામર્થ્યવાળી નિશ્ચયાત્મિકા બુદ્ધિ વડે તે આત્મા પ્રત્યક્ રૂપથી સાક્ષાત્ અનુભવાય છે.

www.OmShreeMadhavanandji.org



૭૦) યતશ્ચોદેતિ સૂર્યોઽસ્તં યત્ર ચ ગચ્છતિ ।
તં દેવાઃ સર્વેઽર્પિતાસ્તદુ નાત્યેતિ કશ્ચન । એતદ્વૈ તત્ ॥

(કાઠકોપનિષદ્.૨.૪.૯)

જેમાંથી સૂર્ય ઉદય થાય છે, અને જેમાં સૂર્ય અસ્ત પામે છે; તેમાં સર્વે દેવતાઓ પ્રવેશ પામેલા છે, તે સર્વરૂપ બ્રહ્મને કોઇ પણ ઉલંઘનો નથી આજ તે બ્રહ્મ છે.

૭૧) દિવ્યો હ્યમૂર્તઃ પુરુષઃ સ બાહ્યાભ્યન્તરો હ્યજઃ ।
અપ્રાણો હ્યમનાઃ શુભ્રો હ્યક્ષરાત્પરતઃ પરઃ ॥

(મુંડકોપનિષદ્. ૨.૧.૨)

જે પ્રકાશમાન્, આકાર રહિત, સર્વત્ર, પૂર્ણ, બાહ્યાભ્યંતર સહિત, અજન્મા, પ્રાણ રહિત, મન રહિત, શુદ્ધ અને શ્રેષ્ઠ અક્ષર (અવ્યાકૃત) થી ઉત્કૃષ્ટ છે; તે બ્રહ્મ છે.

૭૨) બ્રહ્મૈવેદમમૃતં પુરસ્તાદ્ બ્રહ્મ પશ્ચાદ્ બ્રહ્મ દક્ષિણતશ્ચોત્તરેણ ।
અધશ્ચોર્ધ્વં ચ પ્રસૃતં બ્રહ્મૈવેદં વિશ્વમિદં વરિષ્ઠમ્ ॥

(મુંડકોપનિષદ્.૨.૨.૧૧)

જે આ સન્મુખ (આગળ) છે, તે અમૃતરૂપ બ્રહ્મજ છે; પાછળ બ્રહ્મ છે; દક્ષિણ ભણીં, ઉત્તર ભણીં, ઉંચે, નીચે, તથા પ્રસરેલું બ્રહ્મજ છે; આ દશ્યમાન્ સર્વ જગત્ શ્રેષ્ઠતમ બ્રહ્મસ્વરૂપજ છે.

૭૩) યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ ।
આનન્દં બ્રહ્મણો વિદ્વાન્ન બિભેતિ કુતશ્ચનેતિ ॥

(તૈત્તિરીયોપનિષદ્.૨.૪)

જે સ્વપ્રકાશ પરંબ્રહ્મથી મન સહિત વાણી નહિં પ્રાપ્ત થઇને પાછી ફરે છે; અર્થાત્ તે પરંબ્રહ્મને પ્રકાશ નહિં કરીને સ્વશક્તિહીન થાય છે. તે બ્રહ્મના આનંદને જાણનાર કોઇથી પણ ભય પામતો નથી. ઇતિ.

૭૪) વિશ્વતશ્ચક્ષુરુત વિશ્વતોમુખો વિશ્વતોબાહુરુત વિશ્વતસ્પાત્ ।
સં બાહુભ્યાં ધમતિ સં પતત્રૈર્દ્યાવાભૂમી જનયન્દેવ એકઃ ॥

(શ્વેતાશ્વતરોપનિષદ્.૩.૩)

સર્વ ભણીં ચક્ષુવાળા, સર્વ ભણીં મુખવાળા, સર્વ ભણીં હાથવાળા, અને સર્વ ભણીં પગવાળા પરમાત્મા મનુષ્યોને હાથોની સાથે જોડે છે; અને પક્ષીઓને પાંખોની સાથે જોડે છે. તે એક પરમાત્મ દેવ સ્વર્ગ તથા પૃથિવી ને જન્મ આપે છે.

૭૫) વેદાહમેતં પુરુષં મહાન્તમાદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ ।
તમેવ વિદિત્વાઽતિ મૃત્યુમેતિ નાન્યઃ પંથા વિદ્યતેઽયનાય ॥
(શ્વેતાશ્વતરોપનિષદ્.૩.૮)

મહાન્ સૂર્યસમાન વર્ણવાળા. (સ્વયંપ્રકાશસ્વરૂપ), અજ્ઞાનથી પર, આ પરમાત્મ પુરુષને હું જાણું છું. તે પરમાત્માનેજ જાણીને ઉત્તમ અધિકારી જીવ મૃત્યુનુ ઉલ્લંઘન કરે છે. કૈવલ્યપદની પ્રાપ્તિને માટે આત્માના અભેદ જ્ઞાન વિના અન્ય સાધન વિદ્યમાન નથી.

૭૬) યસ્માત્પરં નાપરમસ્તિ કિંચિદ્યસ્માન્નાણીયો ન જ્યાયોઽસ્તિ કશ્ચિત્ ।
વૃક્ષ ઈવ સ્તબ્ધો દિવિ તિષ્ઠત્યેકસ્તેનેદં પૂર્ણં પુરુષેણ સર્વમ્ ॥
(શ્વેતાશ્વતરોપનિષદ્.૩.૯)

જે પરમાત્માથી અન્ય કોઇ ઉત્કૃષ્ટ નથી, જે પરમાત્માથી કોઇ સૂક્ષ્મતર નથી, તેમ જે પરમાત્માથી કોઇ મહત્તર નથી; જે એક અદ્વિતીય પરમાત્મા સ્વમહિમામાં (સ્વસ્વરૂપમાં) વૃક્ષની પેઠે અચળ રહે છે, તે પરમાત્મપુરુષ વડે આ સર્વ જગત્ પૂર્ણ (વ્યાપ્ત) છે.

૭૭) મહાન્પ્રભુર્વૈ પુરુષઃ સત્ત્વસ્યૈષ પ્રવર્તકઃ ।
સુનિર્મલામિમાં પ્રાપ્તિમીશાનો જ્યોતિરવ્યયઃ ॥
(શ્વેતાશ્વતરોપનિષદ્.૩.૧૨)

પ્રસિદ્ધ પરમાત્મપુરુષ મહાન્, અને પ્રભુ (જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ, અને લય કરવામાં સમર્થ) છે. આ પરમાત્મા આ સ્વાત્મનિષ્ઠારૂપ અત્યંત નિર્મલપ્રાપ્તિ પ્રંતિ અંતઃકરણની પ્રવૃત્તિ કરાવનારા, નિયંતા, જ્યોતિસ્વરૂપ અને અવિનાશી છે.

૭૮) સહસ્રશીર્ષા પુરુષઃ સહસ્રાક્ષઃ સહસ્રપાત્ ।
સ ભૂમિં વિશ્વતો વૃત્વાઽત્યતિષ્ઠદ્દશાંગુલમ્ ॥
(શ્વેતાશ્વતરોપનિષદ્.૩.૧૪)

પરમાત્મા સહસ્ર (અનંત) મસ્તકવાળા, સહસ્ર નેત્રવાળા અને સહસ્ર (અનંત) પગવાળા છે. તે આત્મપુરુષ ભુવનને સર્વ ભણીંથી અંતર બાહ્ય વ્યાપીને દશાંગુલ (અનંત) અધિક રહે છે.

૭૯) અપાણિપાદો જવનો ગ્રહીતા પશ્યત્યચક્ષુઃ સ શૃણોત્યકર્ણઃ ।
સ વેત્તિ વેદ્યં ન ચ તસ્યાસ્તિ વેત્તા તમાહુરગ્ર્યં પુરુષં મહાન્તમ્ ॥
(શ્વેતાશ્વતરોપનિષદ્.૩.૧૯)

તે પરમાત્મા હાથ-પગ રહિત છતાં દૂર ગમન કરનાર. તથા સર્વનું ગ્રહણ કરનાર

છે. તે ચક્ષુ રહિત છતાં સર્વ જુએ છે. તે શ્રોત્ર રહિત છતાં શ્રવણ કરે છે. તે મન રહિત છતાં સર્વ જાણવા યોગ્યને જાણે છે, પણ તેનો જાણનાર કોઇ નથી. તેને તત્ત્વદર્શિ મહાત્માઓ સર્વનું કારણ હોવાથી પ્રથમ, સર્વત્ર પૂર્ણ હોવાથી પુરૂષ, અને દેશ, કાલ તથા વસ્તુના પરિચ્છેદથી શૂન્ય હોવાથી મહાન્ કહે છે.

**૮૦) એતસ્ય વા અક્ષરસ્ય પ્રશાસને ગાર્ગિ પ્રાચ્યોઽન્યા નદ્યઃ સ્યન્દન્તે શ્વેતેભ્યઃ પર્વતેભ્યઃ પ્રતીચ્યોઽન્યા યાં યાં ચ દિશમનુ ॥**

(બૃહદારણ્યકોપનિષદ્.૩.૮.૯)

હે ગાર્ગિ ! પ્રસિદ્ધ આ અવિનાશી પુરૂષની આજ્ઞામાં પૂર્વ ભણીંની અન્ય ગંગા આદિ નદીઓ શ્વેત હિમાલયાદિ પર્વતમાંથી વહે છે; તથા પશ્ચિમ ભણીંની નર્મદા આદિ નદીઓ વહે છે; અને બીજી જે જે નદીઓ જે જે દિશા ભણીં પ્રવૃત્ત થએલી છે, તે અક્ષર પુરૂષની આજ્ઞાથી આજ સુધી પણ તેમજ પ્રવર્તે છે.

**૮૧) એકધૈવાનુદ્રષ્ટવ્યમેતદપ્રમેયં ધ્રુવમ્ ।**
**વિરજઃ પર આકાશાદજ આત્મા મહાન્ ધ્રુવઃ ॥**

(બૃહદારણ્યકોપનિષદ્.૪.૪.૨૦)

બ્રહ્મ એક પ્રકારેજ શ્રવણાદિ વડે સાક્ષાત્ કરવા યોગ્ય છે; તેથી આ બ્રહ્મ અપ્રમેય તથા અચળ છે. તેમજ મલથી રહિત, આકાશથી ભિન્ન, અજન્મા, આત્મસ્વરૂપ, મહાન અને અવિનાશી છે.

**૮૨) એષાઽસ્ય પરમા ગતિરેષાઽસ્ય પરમા સંપદેષોઽસ્ય પરમો લોક એષોઽસ્ય પરમ આનન્દ એતસ્યૈવાઽઽનન્દસ્યાન્યાનિ ભૂતાનિ માત્રામુપજીવન્તિ ॥**

(બૃહદારણ્યકોપનિષદ્.૪.૩.૩૨)

આ આત્માની આ પરમ ગતિ છે, આની આ ઉત્કૃષ્ટ વિભૂતિ છે; આનો આ ઉત્કૃષ્ટ સ્વયંજ્યોતિ સ્વભાવ છે, આનો આ નિરતિશય આનંદ છે. આ આત્માનાજ આનંદના લેશનો અન્ય ભૂતો ઉપભોગ કરે છે.

**૮૩) સ વા એષ શુદ્ધઃ પૂતઃ શાન્તોઽપ્રાણોઽનીશાત્માઽનન્તોઽક્ષયઃ સ્થિરઃ શાશ્વતોઽજઃ સ્વતંત્રઃ સ્વેમહિમ્નિ તિષ્ઠતિ ॥**

(મૈત્રાયણ્યુપનિષદ્.૨.૪)

તે આ પ્રસિદ્ધજ આત્મા શુદ્ધ, પવિત્ર, શાન્ત, અપ્રાણ, નિયંતા રહિત, અનંત, ક્ષય રહિત, સ્થિર, શાશ્વત, અજન્મા અને સ્વતંત્ર છે; તે પોતાના મહિમામાં (સ્વરૂપમાં) સ્થિત છે.

**૮૪) સ વા એષ શુદ્ધઃ સ્થિરોઽચલશ્ચાલેપોઽવ્યગ્રો નિસ્પૃહઃ પ્રેક્ષકવદવસ્થિતઃ ॥**

(મૈત્રાયણ્યુપનિષદ્.૨.૧૧)

તે આ પ્રસિદ્ધજ આત્મા શુદ્ધ, જવા આવવાના સ્વભાવથી શૂન્ય, ક્રિયા રહિત, ધર્માધર્મ અને તેના ફળના લેપથી શૂન્ય, વ્યગ્રતા રહિત, નિઃસ્પૃહ, અને ઉદાસીનની પેઠે સ્થિત છે.

**૮૫) યઃ સર્વેષુ ભૂતેષુ તિષ્ઠન્સર્વેભ્યો ભૂતેભ્યોઽન્તરો યં સર્વાણિ ભૂતાનિ ન વિદુર્યસ્ય સર્વાણિ ભૂતાનિ શરીરં યઃ સર્વાણિ ભૂતાન્યન્તરો યમયત્યેષ ત આત્માઽન્તર્યામ્યમૃતઃ ॥**

(બૃહદારણ્યકોપનિષદ્.૩.૭.૧૫)

જે સર્વે ભૂતોમાં રહેતો છતાં સર્વે ભૂતોથી અંદર છે, જેને સર્વે ભૂતો જાણતાં નથી, જેનું સર્વે ભૂત પ્રાણિઓ શરીર છે, જે અંદર રહીને સર્વે ભૂત પ્રાણિઓને પોતાના વ્યાપારમાં જોડે છે; એ તારો આત્મા અંતર્યામી અવિનાશી છે.

**૮૬) યચ્ચ સ્વભાવં પચતિ વિશ્વયોનિઃ પાચ્યાંશ્ચ સર્વાન્પરિણામયેદ્યઃ ।**
**સર્વમેતદ્વિશ્વમધિતિષ્ઠત્યેકો ગુણાંશ્ચ સર્વાન્વિનિયોજયેદ્યઃ ॥**

(શ્વેતાશ્વતરોપનિષદ્.૫.૫)

જે વિશ્વકારણ પરમેશ્વર પદાર્થમાં પદાર્થના સ્વાભાવિક ધર્મને નિર્માણ કરે છે, તથા જે પરિણામ પામવા યોગ્ય સર્વને પરિણામ પમાડે છે, અને જે સર્વ ગુણોને યથાયોગ્ય યોજે છે, તથા જે એક પરમાત્માજ આ સર્વ જગતને નિયમમાં રાખે છે;

**તદ્વેદ ગુહ્યોપનિષત્સુ ગુઢમ્ ॥**

તે પરમાત્મતત્ત્વ વેદોના રહસ્યરૂપ ઉપનિષદોમાં ગુપ્ત રૂપે સ્થિત છે.

**૮૭) સ્વભાવમેકે કવયો વદન્તિ કાલં તથાઽન્યે પરિમુહ્યમાનાઃ ।**
**દેવસ્યૈષ મહિમા તુ લોકે યેનેદં ભ્રામ્યતે બ્રહ્મચક્રમ્ ॥**

(શ્વેતાશ્વતરોપનિષદ્.૬.૧)

કોઇ મોહ પામેલા બુદ્ધિહીન લૌકિક પંડિતો જગતનું કારણ સ્વભાવને કહે છે, અને બીજા વિવેક રહિત જનો જગતનું કારણ કાલને કહે છે; પરંતુ વસ્તુતાએ સંસારમાં આ અવિદ્યારૂપ મહિમા દેવનો (ઇશ્વરનો) જ છે, જે અવિદ્યારૂપ મહિમા વડે આ સંસારચક્ર ભ્રમણ કરે છે.

**૮૮) યથાઽગ્નેઃ ક્ષુદ્રા વિસ્ફુલિંગા વ્યુચ્ચરન્ત્યેવમેવાસ્માદાત્મનઃ સર્વે પ્રાણાઃ સર્વે લોકાઃ સર્વે દેવાઃ સર્વાણિ ભૂતાનિ વ્યુચ્ચરન્તિ ॥**

(બૃહદારણ્યકોપનિષદ્.૨.૧.૨૦)

www.OmShreeMadhavanandji.org



જેમ અગ્નિથી અલ્પ તણખાઓ વિવિધ રીતે ઉડે છે; તેમજ આ આત્માથી સર્વે પ્રાણો-ઈંદ્રિયો, સર્વે લોકો, સર્વે દેવતાઓ અને સર્વે ભૂત પ્રાણિઓ ઉત્પન્ન થાય છે.

૮૯) આદિઃ સ સંયોગનિમિત્તહેતુઃ પરસ્ત્રિકાલાદકલોઽપિ દૃષ્ટઃ ।
તં વિશ્વરૂપં ભવભૂતમીડ્યં દેવં સ્વચિત્તસ્થમુપાસ્ય પૂર્વમ્ ॥
(શ્વેતાશ્વતરોપનિષદ્.૬.૫)

તે પરમાત્મા આદિ (કારણ વિહિન), સર્વ સંયોગનું નિમિત્ત કારણ, ત્રણે કાલથી ઉત્કૃષ્ટ, અને પ્રાણાદિ કલા રહિત છતાં પણ તત્ત્વદર્શિઓએ તેને સાક્ષાત્ કરેલા છે; તે સર્વરૂપ, સંસારસ્વરૂપ, સ્તુતિ કરવા યોગ્ય, તથા પોતાના ચિત્તમાં રહેલા દેવને પૂર્વે ઉપાસીને ચિત્તની એકાગ્રતાને સંપાદન કરે.

૯૦) સ વૃક્ષકાલાકૃતિભિઃ પરોઽન્યો યસ્માત્પ્રપંચઃ પરિવર્તતેઽયમ્ ।
ધર્માવહં પાપનુદં ભગેશં જ્ઞાત્વાઽઽત્મસ્થમમૃતં વિશ્વધામ ॥
(શ્વેતાશ્વતરોપનિષદ્.૬.૬)

તે પરમાત્મા સંસારરૂપ વૃક્ષથી, ભૂતાદિ વ્યવહારના આલંબનરૂપ કાલથી, અને અવિદ્યાથી ઉત્કૃષ્ટ તથા ભિન્ન છે; જેમાંથી આ ભૂત ભૌતિકરૂપ પ્રપંચ વારંવાર ઉત્પન્ન થાય છે. તે સ્વભક્તો પ્રતિ ધર્મોને લાવનાર ભક્તોનાં પાપોનો વિનાશ કરનાર, ઐશ્વર્યના નિયંતા, બુદ્ધિવિષે સ્થિત, મરણધર્મ રહિત, અને વિશ્વના આધારભૂત ઈશ્વરને જાણીને પુરૂષ સંસાર બંધનથી મુક્ત થાય છે.

૯૧) યથોર્ણનાભિઃ સૃજતે ગૃહ્ણતે ચ યથા પૃથિવ્યામોષધયઃ સંભવન્તિ ।
યથા સતઃ પુરૂષાત્કેશ લોમાનિ તથાઽક્ષરાત્સંભવતીહ વિશ્વમ્ ॥
(મુંડકોપનિષદ્.૧.૧.૭)

જેમ કરોળીઓ તંતુઓને સર્જે છે, અને ગ્રહણ કરે છે; જેમ પૃથિવીમાં ઓષધીઓ ઉત્પન્ન થાય છે; જેમ વિદ્યમાન પુરૂષથી કેશ અને રૂંવાડાં ઉત્પન્ન થાય છે; તેમ અવિનાશી પૂર્ણબ્રહ્મથી આ સંસારમંડલ સર્વ જગત્ ઉત્પન્ન થાય છે.

૯૨) યેનાઽઽવૃતં નિત્યમિદં હિ સર્વં જ્ઞઃ કાલકારો ગુણી સર્વવિદ્યઃ ।
તેનેશિતં કર્મ વિવર્તતે હ પૃથ્વ્યાપ્યતેજોઽનિલખાનિ ચિન્ત્યમ્ ॥
(શ્વેતાશ્વતરોપનિષદ્.૬.૨)

જે ઈશ્વરથી આ પ્રસિદ્ધ જગત્ નિત્ય વ્યાપ્ત છે, જે સર્વને સામાન્ય રીતે જાણનાર, કાલના કર્તા, ગુણી, અને સર્વને વિશેષરૂપથી જાણનાર છે. તે ઈશ્વરે પ્રેરેલું કર્મ પ્રસિદ્ધ આકાશ, વાયુ, તેજ, જળ, અને પૃથિવીરૂપે વિવર્ત થાય છે; એમ બુદ્ધિમાનોએ ચિંતન કરવા યોગ્ય છે.

www.OmShreeMadhavanandji.org



**૯૩) અદ્વય એવાયમાત્મા સન્માત્રો નિત્યઃ શુદ્ધો બુદ્ધઃ સત્યો મુક્તો નિરંજનો વિભુઃ ॥**

(નૃસિંહોત્તરતાપિન્યુપનિષદ્.૯)

આ આત્માજ અદ્વિતીય, સન્માત્ર, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, સત્ય, મુક્ત, નિરંજન અને વ્યાપક છે.

**૯૪) નિત્યઃ શુદ્ધો બુદ્ધો મુક્ત સ્વભાવઃ સત્યઃ સૂક્ષ્મઃ સંવિભુશ્ચાદ્વિતીયઃ । આનન્દાબ્ધિર્યઃ પરઃ સોऽહમસ્મિ ॥**

(મૈત્રેય્યુપનિષદ્.૧.૧૧)

જે આત્મા નિત્ય, શુદ્ધ, બુદ્ધ, તથા સ્વભાવથી મુક્ત, સત્ય, સૂક્ષ્મ, સમ્યક્ વ્યાપક, અદ્વિતીય, અને ઉત્કૃષ્ટ આનંદનો સમુદ્ર છે; તે હું છું.

**૯૫) તમાત્માનમુપાસીતાજરમમૃતમભયમશોકમનન્તમ્ । એષ સર્વજ્ઞ એષ સર્વેશ્વર એષ સર્વાધિપતિરેષોऽન્તર્યામ્યેષ યોનિઃ સર્વસ્ય ॥**

(સુબાલોપનિષદ્.૫)

તે અજર, અવિનાશી, અભય, શોક વિહીન અને અનંત આત્માને ઉપાસવો. આ આત્મા સર્વજ્ઞ છે, આ આત્મા સર્વનો ઇશ્વર છે, આ આત્મા સર્વનો અધિપતિ છે અને આ આત્મા સર્વનો અંતર્યામી છે, આ આત્મા સર્વનું કારણ છે.

**૯૬) ય એવં નિર્બીજં વેદ નિર્બીજ એવ સ ભવતિ । સ આત્મા ન મ્રિયતે ન મુહ્યતે ન ભિદ્યતે ન દહ્યતે ન છિદ્યતે ન કંપતે ન કુપ્યતે ॥**

(સુબાલોપનિષદ્.૯)

જે નિર્બીજ આત્માને જાણે છે, તે નિર્બીજ જ થાય છે. તે આત્મા જન્મતો નથી, મરતો નથી, મોહ પામતો નથી, ભેદાતો નથી, દાહ પામતો નથી, છેદાતો નથી, કંપતો નથી, અને કોપ પણ કરતો નથી.

**૯૭) તતઃ પરતરં શુદ્ધં વ્યાપકં નિર્મલં શિવમ્ ।**
**સદોદિતં પરં બ્રહ્મ જ્યોતિષામુદયો યતઃ ॥**

(નાદબિન્દૂપનિષદ્.૧૭)

આત્મા કલાઓથી ઉત્કૃષ્ટતર, શુદ્ધ, વ્યાપક, મલ રહિત, કલ્યાણસ્વરૂપ, સર્વદા પ્રકાશસ્વરૂપ, અને પરંબ્રહ્મસ્વરૂપ છે. જે પરંબ્રહ્મમાંથી સૂર્યાદિ જ્યોતિઓનો ઉદય થાય છે.

**૯૮) એક એવ શિવો નિત્યસ્તતોऽન્યત્સકલં મૃષા ॥**

(શરભોપનિષદ્.૩૦)

www.OmShreeMadhavanandji.org



એકજ શિવ નિત્ય અવિનાશી છે. તે શિવથી ભિન્ન સર્વ મિથ્યા છે.

**૯૯) કાલત્રયાબાધિતં બ્રહ્મ । સર્વકાલાબાધિતં બ્રહ્મ । સગુણ નિર્ગુણ સ્વરૂપં બ્રહ્મ । આદિમધ્યાન્તશૂન્યં બ્રહ્મ । સર્વં ખલ્વિદં બ્રહ્મ । માયાતીતગુણાતીતં બ્રહ્મ । અનન્તમપ્રમેયાખંડપરિપૂર્ણં બ્રહ્મ ॥**

(ત્રિપાદ્વિભૂતિમહાનારાયણોપનિષદ્.૧)

ત્રણ કાલથી અબાધિત બ્રહ્મ છે, સર્વ કાલવડે અબાધિત બ્રહ્મ છે, સગુણ અને નિર્ગુણ બન્ને સ્વરૂપ બ્રહ્મ છે; આદિ, મધ્ય, અને અંત રહિત બ્રહ્મ છે, આ સર્વ નિશ્ચય બ્રહ્મ છે, માયાથી રહિત અને ગુણોથી રહિત બ્રહ્મ છે, બ્રહ્મ અનંત, અપ્રમેય, અખંડ અને પરિપૂર્ણ છે.

**૧૦૦) અદ્વિતીય પરમાનન્દ શુદ્ધ બુદ્ધ મુક્ત સત્યસ્વરૂપ વ્યાપકાભિન્ના પરિચ્છિન્નં બ્રહ્મ । સચ્ચિદાનન્દ સ્વપ્રકાશં બ્રહ્મ । મનોવાચામગોચરં બ્રહ્મ । અખિલપ્રમાણાગોચરં બ્રહ્મ । અમિતવેદાન્તવેદ્યં બ્રહ્મ । દેશતઃ કાલતો વસ્તુતઃ પરિચ્છેદરહિતં બ્રહ્મ । સર્વપરિપૂર્ણં બ્રહ્મ । તુરીયં નિરાકારમેકં બ્રહ્મ । અદ્વૈતમનિર્વાચ્યં બ્રહ્મ । પ્રણવાડડત્મકં બ્રહ્મ ॥**

(ત્રિપાદ્વિભૂતિમહાનારાયણોપનિષદ્.૧)

બ્રહ્મ અદ્વિતીય, પરમાનંદસ્વરૂપ, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સત્યસ્વરૂપ, વ્યાપક, અભિન્ન, અને અપરિચ્છિન્ન છે. બ્રહ્મ સચ્ચિદાનંદ સ્વરૂપ, અને સ્વયંપ્રકાશ છે. બ્રહ્મ મન વાણીનો અવિષય છે. બ્રહ્મ સમગ્ર પ્રમાણોનો અવિષય છે. બ્રહ્મ માપ રહિત એવા વેદાન્ત શાસ્ત્ર વડે જાણવા યોગ્ય છે. બ્રહ્મ, દેશ, કાલ અને વસ્તુથી અપરિચ્છિન્ન છે. સર્વમાં પરિપૂર્ણ બ્રહ્મ છે. બ્રહ્મ તુરીયસ્વરૂપ, નિરાકાર અને એક છે, બ્રહ્મ અદ્વૈત અને અનિર્વાચ્ય છે. પ્રણવ(ૐ કાર)સ્વરૂપ બ્રહ્મ છે.

**૧૦૧) એષોડનન્તોડવ્યક્ત આત્મા સોડવિમુક્તે પ્રતિષ્ઠિત ઈતિ ॥**

(શ્રીરામોત્તરતાપિન્યુપનિષદ્.૧)

આ અંત રહિત અને અવ્યકત આત્મા છે, તે અવિમુક્ત ક્ષેત્રમાં સ્થિત છે.

**૧૦૨) યદેકમદ્વિતીયમ્ । આકાશવત્સર્વગતં સુસૂક્ષ્મં નિરંજનં નિષ્ક્રિયં સન્માત્રં ચિદાનન્દૈકરસં શિવં પ્રશાંતમમૃતં તત્પરં ચ બ્રહ્મ ॥**

(શાંડિલ્યોપનિષદ્.૨)

જે એક, અદ્વિતીય, આકાશની પેઠે સર્વવ્યાપક, અત્યંત સૂક્ષ્મ, નિરંજન, ક્રિયા રહિત, સન્માત્ર, ચિદાનંદ, એકરસ, કલ્યાણસ્વરૂપ, પ્રશાંત અને અવિનાશી છે; તે પરંબ્રહ્મ છે.

www.OmShreeMadhavanandji.org



૧૦૩) યસ્મિન્વિજ્ઞાતે સર્વમિદં વિજ્ઞાતં ભવતિ । તદપાણિપાદમચક્ષુઃ શ્રોત્રમજિહ્વમશરીરમગ્રાહ્યમનિર્દેશ્યમ્ । યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ । યત્કેવલં જ્ઞાનગમ્યમ્ ॥

(શાંડિલ્યોપનિષદ્.૨)

જે આત્માનું જ્ઞાન થયે સતે આ સર્વ વિજ્ઞાત થાય છે, તે આત્મા હાથ-પગ રહિત, ચક્ષુ રહિત, કર્ણ રહિત, જિહ્વા રહિત, શરીર રહિત, અગ્રાહ્ય, અને અનિર્દેશ્ય છે. જે બ્રહ્મથી મન સહિત વાણીઓ નહિં પ્રાપ્ત થઈને પાછી ફરે છે. જે કેવળ જ્ઞાન વડેજ પ્રાપ્ત થાય છે; તે પરંબ્રહ્મ છે.

૧૦૪) આધારં સર્વભૂતાનામનાધારમનામયમ્ ।
અપ્રમાણમનિર્દેશ્યમપ્રમેયમતીન્દ્રિયમ્ ॥
નિષ્કલં નિર્ગુણં શાન્તં નિર્વિકારં નિરાશ્રયમ્ ।
નિર્લેપકં નિરાપાયં કૂટસ્થમચલંધ્રુવમ્ ॥

(યોગશિખોપનિષદ્.૩.૧૮,૨૧)

પરમાત્મતત્ત્વ, સર્વભૂતોના આધારભૂત, જેને કોઈનો આધાર નથી એવું, રોગાદિ ઉપદ્રવશૂન્ય, અપ્રમાણ, અનિર્દેશ્ય, અપ્રમેય, ઇંદ્રિય અગોચર, અવયવ રહિત, નિર્ગુણ, શાંત, નિર્વિકાર, આશ્રયશૂન્ય, નિર્લેપ, નાશ રહિત, કુટસ્થ, અચળ, અને ધ્રુવ છે.

૧૦૫) યો દેવો અગ્નૌ યો અપ્સુ યો વિશ્વં ભુવનમાવિવેશ ।
ય ઓષધીષુ યો વનસ્પતિષુ તસ્મૈ દેવાય નમો નમઃ ॥

(શ્વેતાશ્વતરોપનિષદ્.૨.૧૭)

જે દેવ અગ્નિમાં છે, જે જળમાં છે, જે સમગ્ર ભુવનોપ્રતિ પ્રવેશ પામેલા છે; જે ઓષધીઓમાં છે, જે વનસ્પતિઓમાં છે; તે દેવને અર્થે પુનઃ પુનઃ નમસ્કાર છે.

૧૦૬) ય એકોઽવર્ણો બહુધા શક્તિયોગાદ્વર્ણાનનેકાન્નિહિતાર્થો દધાતિ ।
વિચૈતિ ચાન્તે વિશ્વમાદૌ સ દેવઃ સ નો બુદ્ધ્યા શુભયા સંયુનક્તુ ॥

(શ્વેતાશ્વતરોપનિષદ્.૪.૧)

જે એક પરમાત્મા જાતિ રહિત છતાં પોતાની બહુ પ્રકારની શક્તિના યોગથી અનેક પ્રકારની જાતિઓને પ્રથમ સ્વાર્થ વિના રચે છે; અને પ્રલયકાલે જેમાં વિશ્વ જાય છે. તે દીપ્તિમાન્ છે; તે પરમાત્મા અમને શુભ બુદ્ધિની સાથે જોડો.

૧૦૭) અજાત ઇત્યેવં કશ્ચિદ્ભીરુઃ પ્રપદ્યતે ।
રૂદ્ર યત્તે દક્ષિણં મુખં તેન માં પાહિ નિત્યમ્ ॥

(શ્વેતાશ્વતરોપનિષદ્.૪.૨૧)

www.OmShreeMadhavanandji.org



એ પ્રકારે આપ જન્મ રહિત છો, તેથી જન્માદિ યુક્ત ભયંકર સંસારસાગરથી ભય પામેલો મારા જેવો કોઇ આપનું શરણ ગ્રહણ કરે છે. હે અવિદ્યા નાશક ! જે આપનું આહ્લાદકર મુખ છે, તે વડે આપ મારૂં સર્વદા રક્ષણ કરો.

**૧૦૮) યત્પરંબ્રહ્મ સર્વાત્મા વિશ્વસ્યાયતનં મહત્ ।**
**સૂક્ષ્માત્સૂક્ષ્મતરં નિત્યં તત્ત્વમેવ ત્વમેવ તત્ ॥**

(કૈવલ્યોપનિષદ્.૧.૧૬)

જે પરંબ્રહ્મ સર્વના આત્મારૂપ, વિશ્વના આધારભૂત, મહાન્, અણુથી પણ અણુતર અને અવિનાશી છે. તે પરંબ્રહ્મ તુંજ છે; અવિદ્યાથી તું રહિત છે. પણ વસ્તુતઃ તું તે પરંબ્રહ્મજ છે.

**"પ્રજ્ઞાનં બ્રહ્મ"**

(ઋગ્વેદીય ઐતરેયોપનિષદ્.૩.૫.૩)

વૃત્તિ ઉપલક્ષિત જે કુટસ્થ ચૈતન્ય છે તે પ્રજ્ઞાન કહેવાય છે. તે પ્રજ્ઞાન બ્રહ્મસ્વરૂપ છે.

**"અહં બ્રહ્માસ્મિ"**

(યજુર્વેદીય બૃહદારણ્યકોપનિષદ્.૧.૪.૧૦)

હું બ્રહ્મસ્વરૂપ છું.

**"તત્ત્વમસિ"**

(સામવેદીય છાન્દોગ્યોપનિષદ્.૬.૮.૭)

તે પરમાત્મા તું છે.

**"અયમાત્મા બ્રહ્મ"**

(અથર્વવેદીય માંડુક્યોપનિષદ્.૨)

આ આત્મા બ્રહ્મસ્વરૂપ છે.

## ॥ પ્રાર્થના ॥

ૐ સહ નાવવતુ। સહ નૌ ભુનક્તુ। સહ વીર્ય્યં કરવાવહૈ।
તેજસ્વિનાવધીતમસ્તુ। મા વિદ્વિષાવહૈ॥
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ॥

વેદોનાં રહસ્યરૂપ ઉપનિષદ્માં જણાવેલા જે પરમેશ્વર છે, તે પ્રસિદ્ધ પરમેશ્વર અમારૂં બંનેનું (આચાર્ય શિષ્યનું) પાલન કરો; અર્થાત્ તે પ્રસિદ્ધ પરમાત્મા વિદ્યાનાં સ્વરૂપનાં પ્રકાશ વડે એટલે વિદ્યાનાં ઉપદેશનાં સામર્થ્યથી તથા વિદ્યાનાં ગ્રહણનાં સામર્થ્યથી અમારૂં-આચાર્ય શિષ્ય બંનેનું રક્ષણ કરો. વળી તેજ પરમેશ્વર અમને-આચાર્ય

www.OmShreeMadhavanandji.org



શિષ્યને વિદ્યાફળ ધારણ કરો; અર્થાત્ તે પરમેશ્વર અમારા-આચાર્ય શિષ્યના હૃદયમાં બ્રહ્મવિદ્યાના ફળને ધારણ કરો. અમો-શિષ્ય આચાર્ય બન્ને પરસ્પર મળીને વીર્યને એટલે વિદ્યાકૃત સામર્થ્યને સંપાદન કરીએ. અમે-આચાર્ય શિષ્ય બન્નેએ જે અધ્યયન કરેલું છે, તે અધ્યયન અતિશય સામર્થ્ય વાળું થાઓ; અથવા વીર્યવાન્ અમો બંને આચાર્ય શિષ્યનું અધ્યયન સફલ એટલે અર્થજ્ઞાન યોગ્ય થાઓ. અમે આચાર્ય શિષ્ય બન્ને પ્રમાદ કે અન્યાય વડે પરસ્પર દ્વેષ સંપાદન ન કરીએ. "ૐ" શબ્દ બ્રહ્મનો વાચક છે, એટલે મંગળ અર્થે છે. "શાંન્તિઃ" એ પદનાં ત્રણવાર ઉચ્ચારણથી અધ્યાત્માદિ ત્રિવિધ તાપોની નિવૃત્તિ કરવા માટે પરમેશ્વર પ્રતિ પ્રાર્થના છે. ઇતિ શિવમ્ ॥

## ॥ ઇતિ શ્રીઇશ્વરસ્વરૂપવર્ણનમાળા ॥

## ॥ સચ્ચિદાનંદ બ્રહ્મની આરતી ॥

ૐ જય સચ્ચિત્સ્વામી; પ્રભુ જય સચ્ચિત્સ્વામી;
ગંગા યમુના સરસ્વતી (૨), સંગમે બહુ નામી; ૐ જયદેવ જય મહાદેવ. ૧
શિવોઽહં મુક્તોઽહં, પૂર્ણોઽહં બુદ્ધ; ઋષિ પૂર્ણોઽહં બુદ્ધ;
સ્ફટિક જ્યોતિ પ્રકાશ (૨), પ્રકટ થયો શુદ્ધ; ૐ જયદેવ જય મહાદેવ. ૨
ત્રિવેણી સંગમ દેશે, ધ્યાન ધરે યોગી; ઋષિ ધ્યાન ધરે યોગી;
મનવાંછિત ફળ પામે (૨), સ્વાત્મ સ્વરૂપ ભોગી; ૐ જયદેવ જય મહાદેવ. ૩
ષટ્ ચક્રોનાં સ્થાન, સોઽહં જાય ભેદી; ઋષિ સોઽહં જાય ભેદી;
વસે ગગન મંડળ (૨), મનને કરી કેદી; ૐ જયદેવ જય મહાદેવ. ૪
બ્રહ્મૈવાહં થાય, શાંતિ સ્થળ પામી, ઋષિ શાંતિ સ્થળ પામી;
આત્માનંદ અવિનાશ (૨) પ્રભુ અન્તર્યામિ; ૐ જયદેવ જય મહાદેવ. ૫
સચ્ચિદાનંદની આરતી, અંતરમાં કરજો; ઋષિ અંતરમાં કરજો;
બુદ્ધિમનને પ્રાણ (૨), સમર્પણ કરજો; ૐ જયદેવ જય મહાદેવ. ૬
નથી જન્મ મરણનો ભય, કાળ તણો જેમાં; ઋષિ કાળ તણો જેમા;
*'જગન્નાથ' પ્રભુ કિંકર (૨), બ્રહ્મર્ષિ તેમાં ૐ જયદેવ જય મહાદેવ. ૭

(*પ.પૂ. સ્વામી શ્રી ચિદાનન્દજી મહારાજ)

www.OmShreeMadhavanandji.org



### શ્રી શંકર ભગવત્પાદાચાર્ય વિરચિતમ્

# ઉપદેશપંચરત્નમ્

જે સમયે મહેશ્વર પરાવતાર ભગવાન આદ્ય શ્રી શંકરાચાર્યજીનું વૈદિક ધર્મનો ઉદ્ધાર અને અવૈદિક-ધર્મના મર્દનરૂપી અવતારકાર્ય સમાપ્ત થયુ, અને ભગવાન્ શંકરાચાર્યજી સ્વધામ જવા માટે તૈયાર થયા, ત્યારે તેઓશ્રીની સમીપ અનેક ગૃહસ્થ, બ્રહ્મચારી અને સન્યાસી શિષ્યો હાજર હતા. કારણકે, આચાર્યશ્રીએ પ્રસ્થાનનો સમય પહેલેથીજ બતાવી દીધો હતો. તેથી ઉપરોક્ત શિષ્યમંડળની વિનયભરી પ્રાર્થનાથી ભગવાન શંકરાચાર્યજી અંતિમ ઉપદેશ દેવા લાગ્યા. જેનું પાંચ શ્લોકોમાં નીચે પ્રમાણે વર્ણન છે.

વેદો નિત્યમધીયતાં તદુદિતં કર્મ સ્વનુષ્ઠીયતામ્,
તેનેશસ્ય વિધીયતામપચિતિઃ કામ્યે મતિસ્ત્યજ્યતામ્ ।
પાપૌઘઃ પરિધૂયતાં ભવસુખે દોષોડનુસંધીયતામ્,
આત્મેચ્છા વ્યવસીયતાં નિજગૃહાત્તૂર્ણં વિનિર્ગમ્યતામ્ ॥૧॥

હંમેશા ઋગાદિ વેદોનું અધ્યયન કરો. વેદોમાં બતાવેલા યજ્ઞ, દાન, હોમ, તપ, જપ વગેરે શુભ કર્મોનું શ્રદ્ધા-ભક્તિપૂર્વક અનુષ્ઠાન કરો. આ શુભ કર્મો ફળની આશા રાખ્યા વગર ભગવાનને અર્પણ કરીને તે સર્વવ્યાપી પરમેશ્વરની નિષ્કામભાવથી ઉપાસના કરો. આ અસાર સંસારના તુચ્છ પદાર્થોમાં અથવા સકા મકર્મોમાં પોતાનું ચિત્ત ન રાખો. દુષ્ટ વાસનારૂપ પાપ સમુદાયનો સદાચાર અને સદ્વિચારથી નાશ કરો. આ સંસારના પદાર્થો, શબ્દાદિ વિષયો, ક્ષણિક, દુઃખરૂપ, નામમાત્રના છે એવુ નક્કિ કરો. પ્રબલ તત્ત્વજિજ્ઞાસા માટે વિવેકાદિ સાધનસંપન્ન થવા માટે મહાપ્રયત્ન કરો. વિવેકાદિ સાધનસંપન્ન થયા પછી મમતાસ્પદ ગૃહનો શીઘ્ર ત્યાગ કરો અર્થાત્ સન્યાસ ગ્રહણ કરો.

સંગઃ સત્સુ વિધીયતાં ભગવતો ભક્તિર્દઢાડડધીયતામ્,
શાન્ત્યાદિઃ પરિચીયતાં દઢતરં કર્માશુ સંત્યજ્યતામ્ ।
સદ્વિદ્વાનુપસૃપ્યતાં પ્રતિદિનં તત્પાદુકે સેવ્યતામ્,
બ્રહ્મૈકાક્ષરમર્થ્યતાં શ્રુતિશિરોવાક્યં સમાકર્ણ્યતામ્ ॥૨॥

સદાચારી, ઉદાર-ચરિત, પવિત્ર, મહાપુરૂષોનો સદા સંગ કરો. સચ્ચિદાનન્દસ્વરૂપ પરમાત્મામાં નિષ્કામભાવ-પ્રેમયુક્ત દ્રઢ ભક્તિભાવ હદયમાં ધારણ કરો. શાંતિ, દાન્તિ,

www.OmShreeMadhavanandji.org



ઉપરતિ વગેરે દૈવી ગુણોને જીવનમાં નિરંતર વિકસાવો. રાગ-દ્વેષથી યુક્ત, બાંધવાવાળા કર્મોનો શીઘ્ર પરિત્યાગ કરો. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ, વિરક્ત, વિદ્વાન્ મહાપુરૂષોના શરણમાં જાઓ અને તે મહાપુરૂષોની ચરણપાદુકાનું સેવન કરો અર્થાત્ તેની યથાશક્તિ સેવા-શુશ્રુષા કરીને તેમની સદુપદેશરૂપ આજ્ઞાઓનું પાલન કરીને તેમના કૃપાપાત્ર બનો. ૐ રૂપ એકાક્ષર બ્રહ્મનું અર્થાનુસંધાનપૂર્વક નિરંતર ચિંતન કરો. અને વેદોના સર્વોત્તમ શિરોભાગરૂપ ઉપનિષદના મહાવાક્યોનું શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ મહાપુરૂષોના મુખથી અર્થસહિત શ્રવણ કરો.

વાક્યાર્થશ્ચ વિચાર્યતાં શ્રુતિશિરઃ પક્ષઃ સમાશ્રીયતામ્,
દુસ્તર્કાત્સુવિરમ્યતાં શ્રુતિમતસ્તર્કોऽનુસન્ધીયતામ્ ।
બ્રહ્મૈવાસ્મિ વિભાવ્યતામહરહર્ગર્વઃ પરિત્યજ્યતામ્,
દેહેऽહંમતિરૂજ્ઝ્યતાં બુધજનૈર્વાદઃ પરિત્યજ્યતામ્ ॥૩॥

'અયમાત્માબ્રહ્મ', 'અહંબ્રહ્માસ્મિ', 'તત્ત્વમસિ', 'પ્રજ્ઞાનંબ્રહ્મ' આદિ મહાવાક્યોના અર્થનો મહાપુરૂષો દ્વારા એકાગ્રતાપૂર્વક વિચાર કરો. વેદશિરોમણિ ઉપનિષદ દ્વારા પ્રતિપાદિત અદ્વૈતસિદ્ધાંતરૂપ પક્ષનો અતિ આદરપૂર્વક આશ્રય કરો. બહિર્મુખ, દુરાગ્રહી મનુષ્યપરિકલ્પિત, પ્રમાણશુન્ય, ખોટા તર્ક-વિતર્કોથી દુર રહો. શ્રુતિસમ્મત સાચા તર્કોનું અનુસંધાન કરો. 'હું સચ્ચિદાનન્દ-પરિપૂર્ણ-નિત્ય-શુદ્ધ- બુદ્ધ બ્રહ્મ છું' એ પ્રકારની નિરન્તર દ્રઢભાવના રાખો. જાતિ, કુલ, વિદ્યા આદિ માયિક પદાર્થોનું ગર્વ-અભિમાન એકદમ છોડો. ક્ષણભંગુર, તુચ્છ, મલીન શરીર આદિમાં હું પણાનો શીઘ્ર પરિત્યાગ કરો. શ્રદ્ધેય, બ્રહ્મનિષ્ઠ, વિરક્ત, વિદ્વાનોની સાથે ખોટા વાદ-વિવાદનો પરિત્યાગ કરો અથવા તેના દ્વારા બતાવેલા શાસ્ત્રસમ્મત સત્પથનું શ્રદ્ધાપૂર્વક અવલમ્બન કરો.

ક્ષુદ્વ્યાધિશ્ચ ચિકિત્સ્યતાં પ્રતિદિનં ભિક્ષૌષધં ભુજ્યતામ્,
સ્વાદ્વન્નં ન તુ યાચ્યતાં વિધિવશાત્પ્રાપ્તેન સંતુષ્યતામ્ ।
ઔદાસીન્યમભીપ્સ્યતાં જનકૃપાનૈષ્ઠુર્યમુત્સૃજ્યતામ્,
શીતોષ્ણાદિ વિષહ્યતાં ન તુ વૃથા વાક્યં સમુચ્ચાર્યતામ્ ॥૪॥

ક્ષુધારૂપ રોગના નિવારણ માટે પ્રતિદિન ભિક્ષારૂપી ઔષધનું સેવન કરો અર્થાત્ ઔષધીની જેમ ભિક્ષાન્નનું અનાસક્તિપૂર્વક સેવન કરો. સ્વાદિષ્ટ ભોજનની કદાપિ અભિલાષા ન કરો. પ્રારબ્ધવશ જેવી ભિક્ષા મળી જાય તેમાં સંતોષ કરો. ઉદાસીનતા અર્થાત્ અસંગ-નિર્વિકાર-શાન્ત અવસ્થા હંમેશા ધારણ કરો. અને પોતાનાથી ભિન્ન

www.OmShreeMadhavanandji.org



મનુષ્યોની પ્રત્યે કૃપાની ઈચ્છા તથા નિષ્ઠુરતા આ બન્નેનો પરિત્યાગ કરો. શીત-ઉષ્ણ, માન-અપમાન, સુખ-દુઃખ, આદિ દ્વંદ્વોને આનન્દથી અને ચિંતા કર્યા વગર સહન કરો. ભુલથી પણ ક્યારેય વ્યર્થ(ખોટા)વાક્યનું ઉચ્ચારણ ન કરો.

એકાન્તે સુખમાસ્યતાં પરતરે ચેતઃ સમાધીયતામ્,
પૂર્ણાત્મા સુસમીક્ષ્યતાં જગદિદં તદ્બાધિતં દશ્યતામ્ ।
પ્રાક્કર્મ પ્રવિલાપ્યતાં ચિતિબલાન્નાપ્યુત્તરૈઃ શ્લિષ્યતામ્,
પ્રારબ્ધં ત્વિહ ભુજ્યતામથ પરબ્રહ્માઽઽત્મના સ્થીયતામ્ ॥૫॥

એકાન્ત, પવિત્ર, શાંતસ્થાનનું અતિપ્રસન્નતાપૂર્વક સેવન કરો અને તે સચ્ચિદાનન્દ સર્વાત્મતત્ત્વમાં પોતાના ચંચલચિત્તને સ્થિર કરો. ઉપર-નીચે, અન્દર-બહાર, બધી દિશાઓમાં પરમાત્મા પૂર્ણ અને ભરપુર ભરેલા છે તેનુંજ અનુસંધાન કરો. નામ-રૂપાત્મક જગત્ને મિથ્યા-કલ્પિત સમજીને તેનો અધિષ્ઠાન બ્રહ્મતત્ત્વમાં બાધ કરો. નિર્મલ તત્ત્વજ્ઞાનના પ્રભાવથી સંચિત કર્મોનો નાશ કરો અને ક્રિયમાણ કર્મોથી અલિપ્ત રહો. જ્યાં સુધી શરીર રહે ત્યાં સુધી પ્રારબ્ધ કર્મોને ભોગવો. અને સદા-સર્વદા પોતાના આત્માની પરબ્રહ્મમય સ્થિતિમાં સ્થિર રહો.

યઃ શ્લોકપંચકમિદં પ્રપઠન્ મનુષ્યઃ,
સંચિન્તયત્યનુદિનં સ્થિરતામુપેત્ય ।
તસ્યાશુ સંસૃતિદવાનલતીવ્રઘોર-
તાપપ્રશાન્તિમુપયાતિ ચિતિપ્રસાદાત્ ॥

જે કોઈ સજ્જન ભગવાન આદ્ય શ્રી શંકરાચાર્યજી દ્વારા રચિત આ પાંચ શ્લોકોનો અતિપ્રેમપૂર્વક પાઠ કરે છે અને પ્રતિદિન ચિત્તને એકાગ્ર કરી આ શ્લોકોના અર્થોનું અનુસંધાન કરે છે તેના સચ્ચિદાનન્દ પરબ્રહ્મ પરમાત્માની વિમલકૃપાથી સંસારરૂપી દાવાનળથી ઉત્પન્ન થયેલા આધ્યાત્મિકાદિ તીવ્રતર તાપોની શાંતિ થાય છે. (તેથી આ ઉપદેશપંચરત્નમ્નો પ્રતિદિન પાઠ કરવો.)

॥ ઈતિ ઉપદેશપંચરત્નમ્ સમાપ્તમ્ ॥


www.OmShreeMadhavanandji.org



શ્રી જગદગુરુ શંકરાચાર્ય



પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ શ્રી




પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય
શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજ
વિદેહ કૈવલ્ય મુક્ત :- સંવત [illegible] મહાવદ આઠમ ને સોમવાર



પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ
શ્રી ૧૦૦૮સ્વામી શ્રી શિવોહંસાગરજી મહારાજ શ્રી
વિદેહ કૈવલ્ય મુક્ત :- સંવત [illegible] ફાગણવદ બીજ ને રવિવાર મુ.[illegible]



પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય સચ્ચિદાનંદ સ્વરૂપ મહામંડલેશ્વર
સ્વામી શ્રીઅખંડાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વિદેહ કૈવલ્ય મુક્ત :- સંવત [illegible] વૈશાખવદ અગીયારસ રવિવાર મુ.ચાણોદ



પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રોત્રિય
બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી૧૦૦૮ મહામંડલેશ્વર
સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્ય


www.OmShreeMadhavanandji.org




ॐ

For more information about

**Shree Madhavanand Ashram**

please visit our website

**www.OmShreeMadhavanandji.org**